અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૩, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૭૯, નિ.શ્રાવણ વદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૩૭

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# LPGના ભાવમાં ઘટાડા બાદ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે ?

### છેલ્લા કેટલાક દિવસોમાં, સરકારે ચોખા, ઘઉં, ડુંગળી અને અન્ય અનાજની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેથી કરીને વધતી કિંમતોથી રાહત મળી શકે

| નવી દિલ્હી, તા.૩૧ |

મોંઘવારીમાં રાહત આપતા કેન્દ્ર સરકારે સામાન્ય લોકો માટે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો છે. જ્યારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનાલાભાર્થીઓમાટેએલપીજીસિલિન્ડરનીકિંમતમાં ૪૦૦રૂપિયાનોઘટાડોકરવામાંઆવ્યોછે.આવીસ્થિતિમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થવાની સંભાવના વધી ગઈ છે.

સિટીગ્રુપ ઈંક. અનુસાર, રાંધણ ગેસના ભાવમાં ઘટાડો કરવાના ભારતના પગલાથી ફુગાવો ઘટી શકે છે અને કેટલાક મોટા તહેવારો અને મુખ્ય ચૂંટણીઓ પહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ગેસના ભાવ ઘટાડવાના નિર્ણયથી ફુગાવાના દરમાં ૩૦ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો થઈ શકે છે. આ સિવાય સપ્ટેમ્બરમાં




ટામેટાના ભાવમાં ઘટાડાથી મોંઘવારીનો વધારો ૬ ટકાથી નીચે જવાનો છે.

જુલાઈમાં ફુગાવો ૧૫ મહિનાની ટોચે પહોંચ્યો હતો અને અધિકારીઓ છૂટક કિંમતો ઘટાડવા માટે સક્રિય પગલાં લઈ રહ્યા છે. ભારત સરકાર ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો કરીને સામાન્ય લોકોને મોંઘવારીમાંથી રાહત આપવાનો પ્રયાસ કરી રહી છે. છેલ્લા કેટલાક દિવસોમાં, સરકારે ચોખા, ઘઉં, ડુંગળી અને અન્ય અનાજની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે, જેથી કરીને વધતી કિંમતોથી રાહત મળી શકે. આ વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સહિત ઓછામાં ઓછા પાંચ રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે.

આ પછી ૨૦૨૪ની શરૂઆતમાં રાષ્ટ્રીય ચૂંટણી યોજાશે. આવી સ્થિતિમાં, અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે આગામી સમયમાં તિજોરીમાંથી વધુ નાણાં ખર્ચવામાં આવી શકે છે. આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલના ભાવમાં અસ્થિરતા હોવા છતાં, ગેસોલિન અને ડીઝલના પંપ ભાવ એક વર્ષથી વધુ સમયથી યથાવત છે. તેમણે કહ્યું કે ઈંધણની કિંમતમાં કોઈપણ ઘટાડો એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડા દ્વારા કરી શકાય છે. અમેરિકામાં ક્રૂડ ઓઈલના વપરાશનો આંકડો આવી ગયો છે.

અમેરિકન પેટ્રોલિયમ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર, ત્યાં ક્રૂડની ઈન્વેન્ટરીમાંથી ૧૧.૪૮૬ મિલિયન બેરલ ક્રૂડ લેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે માત્ર ૨.૪૧૮ મિલિયન બેરલ ક્રૂડ ખેંચાયા હતા. આ વર્ષે એપ્રિલથી અત્યાર સુધીમાં ક્રૂડ ઈન્વેન્ટરીમાંથી ૪૪ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલનો ચોખ્ખો ઉપાડ થયો છે. આ કારણે ગઈ કાલે સાંજે ૪:૧૬ વાગ્યે બ્રેન્ટ ક્રૂડની કિંમત ૧.૨૮ ટકા વધીને ૮૫.૫૦ બેરલ થઈ હતી. ગયા સપ્તાહની સરખામણીમાં આ બેરલ દીઠ ઈ૧.૫૦ નો વધારો છે. મંગળવારે બજાર બંધ થવા પર, બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ઈ૮૫.૪૯ પર બંધ થયું. વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ અથવા WTI ક્રૂડ પણ પ્રતિ બેરલ ઈ૮૧.૧૬ પર ટ્રેડ થઈ રહ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### સુપ્રીમની વેબસાઈટ પર વ્યક્તિગત, ગોપનીય માહિતી શેર ન કરવા સલાહ

| નવી દિલ્હી, તા.૩૧ |

સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર સાઈબર હુમલાના સમાચાર સામે આવ્યા છે. સુપ્રીમ કોર્ટે આજે એક પરિપત્ર જારી કરીને કહ્યું હતું કે, તેની રજિસ્ટ્રીને તેની વેબસાઈટ પર ફિશિંગ હુમલા વિશે જાણ કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સત્તાવાર વેબસાઇટની નકલ કરીને નકલી વેબસાઈટ બનાવવામાં આવી છે અને તેને હોસ્ટ કરવામાં આવી છે. હુમલાખોરો યુઆરએલ દ્વારા અંગત વિગતો અને ગોપનીય માહિતી માગી રહ્યા છે. તે યુઆરએલપર ક્લિક કરનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ કોઈપણ વ્યક્તિગત અને ગોપનીય માહિતીને શેર અથવા જાહેર ન કરે, કારણ કે સુપ્રીમ કોર્ટે લોકોને ચેતવણી આપી હતી કે આનાથી ગુનેગારોને માહિતી ચોરી કરવામાં મદદ મળશે.

### ઉમેદવારે ચૂંટણી ખર્ચનો હિસાબ ઓનલાઈન આપવો પડશે

| નવી દિલ્હી, તા.૩૧ |

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારોએ કરેલા ખર્ચ પર હવે વધુ કડક નજર રાખવામાં આવશે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ કેન્ડીડેટ એક્સપેન્ડીચર મોનિટરિંગ સિસ્ટમ બનાવી રહ્યું છે. તેમાં એક સોફ્ટવેર હશે. આ સોફ્ટવેર તૈયાર કરવાની જવાબદારી બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીને આપ વામાં આવી છે જ્યાં તાજેતરની વિધાનસભાની ચૂંટણીમાં મળેલા અનુભવોના આધારે સોફ્ટવેરને સારું બનાવી શકાય છે, તેથી આ કામ બંગાળને સોંપવામાં આવ્યું છે.

### સેન્સેક્સમાં ૨૫૬, નિફ્ટીમાં ૯૪ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

| મુંબઈ, તા.૩૧ |

ઓગસ્ટ સિરીઝ એક્સ પાયરી પર માર્કેટમાં વેચવાલી જોવા મળી હતી. ૩ દિવસની તેજી પછી બજાર ઘટાડા પર બંધ થયું. મિડકેપ, સ્મોલકેપ ઈન્ડેક્સ વધીને બંધ થયા હતા જ્યારે પીએસઈ, એનર્જી, મેટલ શેરોમાં વેચવાલી જોવા મળી રહી હતી ત્યારે બેંક્કિંગ, મેટલ, ફાર્મા ઈન્ડક્સ ઘટાડા સાથે બંધ થયા હતા. સ્થાનિક શેરબજારની શરૂઆત આજે તેજી સાથે થઈ હતી, પરંતુ બંધ થવાના સમયે તે લાલ નિશાન સાથે બંધ થયું.

#### કેન્દ્ર સરકારનો ચોંકાવનારો નિર્ણય

## ૧૮થી ૨૨ સપ્ટેમ્બરે સંસદનું વિશેષ સત્ર યોજાશે, આમાં ૫ બેઠકો થશે

### ૧૭મી લોકસભાનું ૧૩મું સત્ર, રાજ્યસભાનું ૨૬૧મું સત્ર

| નવી દિલ્હી, તા.૩૧ |

એક ચોંકાવનારા નિર્ણયમાં કેન્દ્ર સરકારે સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. આ સત્ર ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી ચાલશે. કહેવામાં આવી રહ્યું છે કે આમાં ૫ બેઠકો થશે. આ ૧૭મી લોકસભાનું ૧૩મું સત્ર અને રાજ્યસભાનું ૨૬૧મું સત્ર હશે. મંત્રી પ્રહલાદ જોશીએ આ વિશેષ સત્રની જાણકારી આપી હતી.

બંધારણના અનુચ્છેદ ૮૫માં સંસદનું સત્ર બોલાવવાની જોગવાઈ છે. આ અંતર્ગત સરકારને સંસદના સત્ર બોલાવવાનો અધિકાર છે. સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ એવા નિર્ણયો લે છે જે રાષ્ટ્રપતિ દ્વારા ઔપચારિક કરવામાં આવે છે, જેના દ્વારા સાંસદોને આ વિશેષ સત્રમાં



બોલાવવામાં આવે છે. વિશેષ સત્ર નવી સંસદમાં યોજાશે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ સત્રમાં ૧૦થી વધુ મહત્વ પૂર્ણ બિલો રજૂ કરવામાં આવશે. પ્રહલાદ જોશીએ પોતાના એક્સ (ટ્વિટર) પર લખ્યું હતું કે તેઓ સંસદમાં અર્થપૂર્ણ ચર્ચાની રાહ જોઈ રહ્યા છે.

અગાઉ સંસદનું ચોમાસુ સત્ર ૨૦મી જુલાઈથી ૧૧મી ઓગસ્ટ સુધી ચાલતું હતું. મણિપુરમાં હિંસા અંગે સત્રમાં ભારે હોબાળો થયો હતો. વિપક્ષ મણિપુર પર પીએમના નિવેદન પર ચર્ચા કરવા પર અડગ રહ્યા હતા.

#### મસ્કે કંપની ખરીદ્યા બાદ ટ્વીટરમાં સતત ફેરફાર

## ટ્વીટર યુઝર્સને વીડિયો અને ઓડિયો કોલની સુવિધા મળશે

### આ ફીચર આઈઓએસ, એન્ડ્રોઈડ, મેકબુકઅને પીસીમાં પણ કામ કરશે, યુઝર્સને ફોન નંબરની પણ જરૂર નહીં પડે

| વોશિંગ્ટન, તા.૩૧ |

એક્સ(ટ્વિટર)ને ખરીદ્યું ત્યારથી અબજોપ તિ ઉદ્યોગપતિ ઈલોન મસ્ક સતત ફેરફારો કરી રહ્યા છે. પહેલા તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું નામ બદલીને બધાને ચોંકાવી દીધા હતા. હવે આજે તેણે એક્સ(ટ્વિટર) પર પોસ્ટ મુકીને મોટા ફેરફારની જાહેરાત કરી છે. ઈલોન મસ્ક થોડા સમય પહેલા એક્સ(ટ્વિટર) પર પોસ્ટ કરી હતી કરી હતી કે એક્સ(ટ્વિટર) યુઝર્સને જલ્દી જ વીડિયો અને ઓડિયો કોલની સુવિધા મળવા જઈ રહી છે.

એક ટ્વીટમાં ઈલોન મસ્કએ કહ્યું કે આ ફીચર આઈઓએસ, એન્ડ્રોઈડ, મેકબુકઅને પીસીમાં પણ કામ કરશે. આ ફીચરનો ઉપયોગ કરવા માટે યુઝર્સને ફોન નંબરની પણ જરૂર નહીં પડે. ઈલોન મસ્ક દ્વારા એક્સ(ટ્વિટર)ને



અસરકારક વૈશ્વિક એડ્રેસ બુક તરીકે વર્ણવવામાં આવી છે. ઈલોન મસ્ક દ્વારા ટ્વિટરનું નામ બદલીને એક્સકર્યા બાદ તેના સક્રિય યુઝર્સમાં આગામી થોડા અઠવાડિયામાં ચાર ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. એપ ઈન્ટેલિજન્સ ફર્મ સેન્સર ટાવરના ડેટા અનુસાર, એક્સ(ટ્વિટર) એપ આ મહિનાની શરૂઆતમાં એકંદર કેટેગરી રેંક્કિંગમાં ચાર સ્થાન નીચે ૩૬મા ક્રમે આવી ગઈ છે.

#### ઓનલાઈન ગેમિંગને પ્રમોટ કરવાનો વિરોધ

## સચિન તેંડૂલકરના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરાયું

### મહારાષ્ટ્રના અપક્ષ ધારાસભ્ય બચ્ચુ કડુ અને તેમના સમર્થકો દ્વારા આ પ્રદર્શન કરવામાં આવ્યું

| મુંબઈ, તા.૩૧ |

ક્રિકેટના ભગવાન કહેવાતા ભારતીય દિગ્ગજ પૂર્વ ક્રિકેટ સચિન તેંડુલકર ઓનલાઈન ગેમિંગને પ્રમોટ કરવા બદલ નિશાના પર આવ્યા છે. આજે મુંબઈમાં માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના ઘરની બહાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્રના અપક્ષ ધારાસભ્ય બચ્ચુ કડુ અને તેમના સમર્થકો દ્વારા આ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બચ્ચુ કડુએ એક્સ (અગાઉ ટ્વીટર) પર ઘણી તસવીરો શેર કરી અને વિરોધનું કારણ પણ જણાવ્યું હતું. બચ્ચુએ લખ્યું, ભારત રત્ન સચિન તેંડુલકરને પેટીએમફર્સ્ટ જુગારની જાહેરાતો બંધ કરવા વારંવાર વિનંતી કરી હતી. પરંતુ આજ સુધી એવું થયું



નથી. અમે તેંડુલકર વિરુદ્ધ નથી પરંતુ તે એક ભારત રત્ન વ્યક્તિ માટે અશોભનીય છે. અથવા તો તેણે જાહેરાત બંધ કરવી જોઈએ અથવા ભારત રત્ન પરત કરી દેવો જોઈએ. ઓમપ્રકાશ બાબારાવ કડુ (બચ્ચુ કડુ) મહારાષ્ટ્રના અચલપુરથી વિધાનસભાના અપક્ષ સભ્ય છે. અચલપુર વિધાનસભા મતવિસ્તાર અમરાવતી (લોકસભા મતવિસ્તાર)નો એક ભાગ છે. તેઓ વર્ષ ૨૦૦૪થી ૨૦૧૯ સુધી સતત ચાર વખત મહારાષ્ટ્ર વિધાનસભામાં ચૂંટાયા છે.

#### દક્ષિણ આફ્રિકામાં ભિષણ આગની ઘટના

## જહોનિસબર્ગમાં ઈમારતમાં આગથી ૬૦થી વધુનાં મોત

| જહોનિસબર્ગ, તા.૩૧ |

દક્ષિણ આફ્રિકાના જહોનિસબર્ગમાં એક બહુમાળી ઈમારતમાં ભીષણ આગ લાગવાથી અત્યાર સુધીમાં ૬૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. આ ભીષણ આગની ઘટનામાં અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ ઘાયલોને સારવાર અર્થે નજીકના હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ભીષણ આગ પાંચ માળની બિલ્ડિંગમાં લાગી હતી. ઘટનાની સૂચના મળતા ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ



ઘટનાસ્થળે રવાના થઈ ગઈ હતી. આગ પર કાબુ મેળવવાનું અને ફસાયેલા લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ ઘટનામાં અત્યાર સુધીમાં ૬૦થી વધુ લોકોના મોત થયા છે અને ૪૩ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

#### ૧૭ સપ્ટેમ્બરે મોદી તેમના જન્મદિને મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકશે

## ૧૮ પ્રકારના કારીગરોને તાલીમબદ્ધ કરી ત્રણ લાખ સુધીની લોન અપાશે

### પીએમ વિકાસ યોજના અંતર્ગત કુટુંબ દીઠ એક વ્યક્તિને તેનો લાભ મળશે, સુથાર, બોટ-નાવડી બનાવનાર, કુંભાર સહિતના કારીગરોનો સમાવેશ

| નવી દિલ્હી, તા.૩૧ |

વડાપ્રધાન મોદી આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ તેમના જન્મદિને કેન્દ્ર સરકારની એક મહત્વપૂર્ણ યોજના અમલમાં મૂકવા જઈ રહ્યા છે. પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજના થકી શહેરી અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના નાના કારીગરોને નાણાકીય સમાવેશન દ્વારા અર્થવ્યવસ્થામાં જોડવાનું ભગીરથ કાર્ય થવાનું છે. આ યોજનામાં ૧૮ પ્રકારના કારીગરોને આવરી લઈ તેને તાલીમબદ્ધ કરી ૩ લાખ સુધીની લોન આપવાનું આયોજન છે.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ્ય સન્માન યોજનાને મિતાક્ષરમાં પીએમ વિકાસ નામ આપવામાં આવ્યું છે. જેમાં ૧૮ પ્રકારના કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુથાર, બોટ-નાવડી બનાવનાર, સરાણિયા (બપ્પર-ચપ્પુ બનાવનાર), લુહાર, હથોડી અને ટૂલકિટ નિર્માતા,તાળાના કારીગર, કુંભાર, શિલ્પકાર, મોચી, કડિયા, વાળંદ, ટોપલી ટોપલા કે સાવરણીના કારીગર, દરજી, ધોબી, માળી, માછલી પકડવાની જાળી બનાવનારા, પરંપરાગત રમકડાના કારીગર ઉપરાંત સુવર્ણકામ કરનારા કારીગરોને તેમાં આવરી લેવામાં આવ્યા છે.

#### કલમ૩૭૦ હટાવવા સામેની અરજીઓ પર સુનાવણી

## જમ્મુ-કાશ્મીરમાં ટૂંકમાં ચૂંટણી, આતંકની ઘટનામાં ૪૫ ટકાનો ઘટાડો

| નવી દિલ્હી, તા.૩૧ |

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા વિરુદ્ધ દાખલ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શરૂ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકાર વતી હાજર થતાં સોલિસિટર જનરલે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાશે. તેમણે કહ્યું, કલમ ૩૭૦ હટાવ્યા બાદથી રાજ્યમાં આતંકવાદી ઘટનાઓમાં ૪૫ ટકાનો ઘટાડો થયો છે. ઘૂસણખોરીમાં પણ ઘટાડો થયો છે. સુરક્ષા દળોને થતા નુકસાનમાં ૬૦ ટકાનો ઘટાડો



થયો છે. સુનાવણી દરમિયાન, સોલિસિટર જનરલે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો ક્યારે આપવામાં આવશે તે પ્રશ્નનો પણ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો ક્યારે મળશે તે હજુ સ્પષ્ટ નથી. આમાં થોડો સમય લાગી શકે છે.



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN
CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.co.in વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...



ન્યૂઝ બ્રિફ

## પાંચમી સપ્ટેમ્બર સુધી વરસાદની સંભાવના નહિવત

| અમદાવાદ, તા.૩૧ |

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં વરસાદ થવાની સંભાવનાઓ બહુ જ ઓછી હોવાની આગાહી ૭ દિવસ માટે કરેલી આગાહીમાં વ્યક્ત કરી છે. બીજી તરફ હવામાન નિષ્ણાત દ્વારા ૫મી સપ્ટેમ્બર સુધી વરસાદની સંભાવનાઓ નહિવત રહેવાની આગાહી કરી હતી. હવામાન વિભાગે રાજ્યના માત્ર દક્ષિણ ભાગમાં જ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે. આ સિવાયના ભાગો સૂકા રહેવાની તથા આગામી સમયમાં ગરમીમાં સામાન્ય વધારો થવાની શક્યતાઓ પણ જોવાઈ રહી છે. હાલ રાજ્ય પર વરસાદ આપતી એક્ટિવ સિસ્ટમ નથી અને નજીકના દિવસોમાં કોઈ સિસ્ટમ બનવાની શક્યતાઓ પણ નથી જેના કારણે વરસાદ માટે રાહ જોવી પડી શકે છે. રાજ્યના હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક દ્વારા બુધવારના રોજ સાત દિવસની આગાહી કરવામાં આવી હતી જેમાં માત્ર દક્ષિણ ભાગના કેટલાક જિલ્લાઓમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આ સિવાય સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગમાં વરસાદની શક્યતાઓ લગભગ નહિવત હોવાનું જણાવવામાં આવ્યું છે. રાજ્યમાં વરસાદ ન બરાબર રહેવાની સંભાવનાઓ છે, પરંતુ દક્ષિણ ભાગમાં આવેલા ડાંગ, વલસાડ, નવસારી, તાપી, દમણ અને દાદરા નગર હવેલીમાં હળવો વરસાદ થઈ શકે છે. આગામી ૩-૪ દિવસ સુધી રાજ્યના આ જ વિસ્તારોમાં વરસાદ સિમિત રહેવાની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની કોઈ શક્યતાઓ ન હોવાનું જણાવ્યું છે અને તે સાથે વાતાવરણ વાદળછાયું રહેવાની આગાહી કરી છે.



સાબરમતી રિવરફ્રન્ટ ડફનાળા સાઇડના રોડને ફોર લેન કરવાની શરૂઆત થઇ છે. જેમાં નડતરરૂપ થતા ઝાડને કાપી નાખવામાં આવશે.

## ૫ તારીખ સુધીમાં વિવાદીત પ્રતિમા દૂર નહીં થાય તો સાળંગપુરમાં વિરોધ થશે

| અમદાવાદ, તા.૩૧ |

સ્વામિનારાયણ ભગવાનના દાસ તરીકે હનુમાનજીને બતાવવાના વિરોધમાં રામાનંદ નવનિર્માણ સેના પણ મેદાનમાં આવી છે. રામાનંદ નવનિર્માણ સેનાએ ભીંતચિત્રો મુદ્દે ભારે રોષ વ્યક્ત કર્યો છે. સાથે જ મંદિર તંત્રને ૫ સપ્ટેમ્બર સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. જો ત્યાં સુધીમાં આ ભીંતચિત્રો દૂર કરવામાં નહીં આવે તો રામાનંદ નવનિર્માણ સેના તરફથી સાળંગપુરમાં એકત્ર થઈને વિરોધ નોંધાવવામાં આવશે. આ સાથે જ સેનાએ શહેર અને ગામડાઓમાં જઈને સનાતન ધર્મની જાગૃતતા ફેલાવવાનું અભિયાન પણ શરૂ કરશે. કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમા નીચે લગાવેલા ભીંતચિત્રોને લઈને વિવાદ વધતો જઈ રહ્યો છે. આ મુદ્દે બ્રહ્મ સમાજમાં રોષ ફેલાયો છે.

સાળંગપુર મંદિરને ૫ સપ્ટેમ્બર સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. વિવાદિત છબીઓ દૂર કરવાની માગ કરવામાં આવી છે. જો આમ નહી થાય તો સાળંગપુરમાં વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી છે. સ્વામિનારાયણ ભગવાનના દાસ તરીકે હનુમાનજીને બતાવવાના વિરોધમાં રામાનંદ નવનિર્માણ સેના પણ મેદાનમાં આવી છે.

### આ મંદિર સાથે અનેક માન્યતા જોડાયેલી છે

## મહુવા રણછોડરાયજીની ૧૨૦૦ વર્ષ જૂની અષ્ટભુજાવાળી મૂર્તિ

### મંદિરનું બાંધકામ અને નકશીકામ પ્રાચીન ઢબનું છે, મહુવા શહેરનું નિર્માણ ચાવડા વંશના શાસનમાં થયુ હોવાનું કહેવાય છે

| ભાવનગર, તા.૩૧ |

ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં સૌથી પ્રાચીન ભગવાન રણછોડરાયજીનું મંદિર આવેલું છે. ભાવનગરનાં હાર્દસમાં વિસ્તારમાં આવેલા સામુદ્રી માતાજીનાં મંદિરની બાજુમાં જુની હવેલીમાં રણછોડરાયજીનું મંદિર આવેલું છે. અહીં ગુજરાતની પ્રાચીન રણછોડરાયજીની અષ્ટભુજા વાળી મૂર્તિ આવેલી છે. આ મૂર્તિ ૧૨૦૦ વર્ષ પુરાણી હોવાનું કહેવાય છે. મંદિરનું બાંધકામ અને નકશીકામ પ્રાચીન ઢબનું છે. મહુવા શહેરનું નિર્માણ ચાવડા વંશના શાસનમાં થયુ હોવાનું કહેવાય છે. પ્રાચીન યુગમાં આ સ્થળ ગાઢ જંગલથી ઘેરાયેલ હતું અને તેને મધુવનનાં નામે ઓળખવામાં આવતુ હતુ. તેમજ અહીં મહાલક્ષ્મી માતાજીના મંદિરના નિર્માણ બાદ નગરની સ્થાપના થઈ હોવાનું મનાઈ છે. આ જ સ્થળ પર સામે રણછોડરાયજીના મંદિરની સ્થાપના અને તેનું નિર્માણ કરવામાં આવ્યુ છે. મથુરા નગરી પર જરાસંધની ચઢાઈ થઈ તે વખતે યુદ્ધથી બચવા ભગવાન શ્રીકૃષ્ણ રણ છોડીને ભાગ્યા હતાં. બાદ દ્વારકાનું નિર્માણ કર્યું હતું. અહીં રેવતાચલમાં આવેલ હિડિમ્બાવન થઈને મધુવનના જંગલમાં પાંચ ટોબરા વાળા વિસ્તારમાં ભગવાને રાતવાસો કર્યો હોવાની માન્યતા છે.

### ગુજરાતીઓને ફરવા માટે મળ્યું નવું લોકેશન

## ભારત પાકિસ્તાન બોર્ડર પર સેલ્ફી પોઇન્ટ બનાવવામાં આવ્યા

### તહેવારોના સમયમાં નડાબેટ તેમજ ભારત પાક ઇન્ટરનેશનલ બોર્ડર પાસે આવેલ ઝીરો પોઇન્ટ પર પ્રવાસીઓની ભીડ જોવા મળે છે

| બનાસકાંઠા, તા.૩૧ |

તહેવારો તેમજ રજાઓના દિવસોમાં લોકો ફરવા માટે હિલ સ્ટેશનો તેમજ યાત્રાધામોમાં જતા હોય છે પરંતુ હવે ગુજરાતીઓનો ટ્રેન્ડ બદલાયો છે. તહેવારોના સમયમાં નડાબેટ તેમજ ભારત પાક ઈન્ટરનેશનલ બોર્ડર પાસે આવેલ ઝીરો પોઈન્ટ પર પ્રવાસીઓની ભીડ જોવા મળે છે. આ વખતે રક્ષાબંધનના તહેવારમાં પણ અહીં ભીડ જોવા મળી હતી. રાજ્ય સરકાર અને ગુજરાત ટુરિઝમ દ્વારા જ્યારથી નડાબેટનો વિકાસ કરવામાં આવ્યો છે અને પ્રવાસીઓ માટે ભારત પાકિસ્તાન ઈન્ટરનેશનલ બોર્ડર પાસે આવેલ ઝીરો પોઈન્ટને ખુલ્લો મુકવામાં આવ્યો છે ત્યારથી તહેવારોના સમયમાં પ્રવાસીઓની ભીડ નડાબેટ તેમજ ઈન્ટરનેશનલ બોર્ડર પર જોવા મળી રહ્યો છે. તહેવારોના સમયમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ નડાબેટ ખાતે ઉમટતા દેશભક્તિનું અનોખો વાતાવરણ સરહદ પર ઉભું થાય છે. બીએસએફ દ્વારા નડાબેટ ખાતે અટારી બોર્ડર જેવી પરેડ શરૂ કરવામાં આવી છે તે ઉપરાંત નડાબેટ ખાતે બીએસએફનું મ્યુઝિયમ પણ આવેલ છે.

### ૨૦ વર્ષથી ચાલી આવતી પ્રથા આજે પણ યથાવત

## સેવક બહેનોએ પરમહંસોને રાખડી બાંધીને કરી ઉજવણી

| પોરબંદર, તા.૩૧ |

પરમહંસો માટેનું તીર્થ એટલે પ્રાગજીબાપાનો આશ્રમ કે જ્યાં, માનસિક રીતે દીવ્યંગોને આશરો આપવામાં આવે છે સાથે તેમને રહેવા, જમવા સહિતની વ્યવસ્થા પણ આપવામાં આવે છે. આ આશ્રમ ખાતે માતૃ શકિત, દુર્ગા વાહિની અને રાષ્ટ્રીય સેવિકા સમિતિની બહેનો દ્વારા રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ આશ્રમમાં રહેતા ૪૦ જેટલા પરમહંસોને બહેનો દ્વારા રાખડી બાંધવામાં આવી હતી. બહેનોએ કુમકુમનું તિલક કરી મોઢું મીઠું કરી અને કાંડે રાખડી બાંધતા પરમહંસોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. બહેનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ભલે આ ભાઈઓ માનસિકરીતે દિવ્યાંગ હોય પરંતુ, તેમનામાં પણ કયાંક ને ક્યાંક લાગણીઓ જીવિત છે. જયારે અમેં આ પરમહંસોને રાખડી બાંધી હતી ત્યારે તેમના ચહેરાનું સ્મિત એ અમારા માટે મોટી ભેટ સમાન છે.

## સાળંગપુર મુદ્દે હિંદુ ધર્મના સાધુ સંતો દ્વારા ઉગ્ર વિરોધ

### જો આ ભીંતચિત્રો નહીં હટે તો અનેક વિરોધ કાર્યક્રમો યોજાય તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે

| બોટાદ, તા.૩૧ |

રાજ્યમાં હાલ સાળંગપુર મંદિર ખાતેનો વિવાદ ઘણો જ ચર્ચામાં છે. સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરમાં ૫૪ ફૂટ મૂર્તિ નીચે હનુમાનજીની તકતી અને ચિત્રોને કારણે વિવાદ સર્જાયો છે. છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડિયામાં આ ભીંતચિત્રોને કારણે વિવાદ જોવા મળી રહ્યો હતો. આ અંગે હિંદુ ધર્મના સાધુ સંતો દ્વારા ઉગ્ર વિરોધ દર્શાવાયો છે. આ ભીંતચિત્રો હટાવી દેવાની માંગણી કરવામાં આવી રહી છે. જો આ ભીંતચિત્રો નહીં હટે તો અનેક વિરોધ કાર્યક્રમો યોજાય તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આપને જણાવીએ કે, બોટાદ જિલ્લામાં સાળંગપુર હનુમાનજીનું મંદિર આવેલું છે. જ્યાં કિંગ ઓફ સાળંગપુરની ૫૪ ફૂટની ભવ્ય પ્રતિમા બનાવવામાં આવી છે. આ પ્રતિમાની નીચે કણપીઠમાં શિલ્પચિત્રો કંડારવામાં આવ્યા છે. આ ચિત્રોમાં એકમાં સ્વામિનારાયણ ભગવાન ઉભા છે અને હનુમાનજી તેમને પ્રણામ કરતા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. કષ્ટભંજન હનુમાનજીની મૂર્તિ નીચે આ ભીંતચિત્રોમાં હનુમાનજીને દાસ બતાવવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ બાબતે વિવિધ પ્રકારે સોશિયલ મીડિયામાં ઉલ્લેખ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયામાં અલગ-અલગ લોકો દ્વારા આ અંગે વિરોધ પણ દર્શાવવામાં આવી રહ્યો છે. આ ચિત્ર અંગેનો વિવાદ સામે આવતા હિન્દુ ધર્મના વિવિધ સંગઠનો આક્રમક બન્યા છે. તમામ હિંદુ સંગઠનોએ માગણી કરી છે કે, આ ભીંતચિત્રો વહેલામાં વહેલી તકે હટાવવામાં આવે. આ મામલો વધુ ગરમાશે તેવું લાગતા વડતાલ સ્વામિનારાયણ ટ્રસ્ટની મિટિંગ મળવાની હતી પણ તે છેલ્લી ઘડીએ રદ કરવામાં આવી હતી. તો આજે આ અંગેની મિટિંગ થઈ શકે છે. સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે ૫૪ ફૂટ ઊંચાઈની હનુમાનજી મહારાજની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ પ્રતિમાની નીચે અનેક ચિત્રો કંડારવામાં આવ્યા છે. આ પ્રતિમાઓમાં હનુમાનજી દાદાને સહજાનંદ સ્વામીના દાસ તરીકે ચિતરવામાં આવ્યા હોવાનું તથા હનુમાનજી સહજાનંદ સ્વામી સામે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં ઉભા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. આ ઉપરાંત અન્ય એક ભીંતચિત્રમાં એક આસન પર બેઠાં હોય તેવું પણ દેખાય છે. જ્યારે હનુમાનજી નીચે હાથ જોડીને નમસ્કાર મુદ્રામાં બેઠા હોય તેવું દર્શાવવામાં આવ્યું છે. કચ્છમાં આવેલા કબરાઉ મોગલધામના મણિધર બાપુએ પણ હનુમાન દાદાના ભીંતચિંત્રોને લઈ પોતાની નારાજગી વ્યક્ત કરી છે. તેમણે આ મામલે કહ્યું હતું કે, ’તમે સનાતન ધર્મ, આખા રાષ્ટ્ર અને ૩૩ કરોડ દેવતાનું અપમાન કરી રહ્યા છો, માફી માંગી લેજો નહીં તો ખેર નથી. તેમણે એમ પણ જણાવ્યું છે કે, હનુમાનજીને ચરણ સ્પર્શ કરતા દેખાડીને સ્વામિનારાયણ સંપ્રદાયે મોટી ભૂલ કરી છે.

વિશેષ લેખ

### "આદિત્ય એલ-૧" : ઈસરોનુ નવું સૂર્ય મિશન ચંદ્ર પછી ઈસરોની હવે સૂર્ય તરફ ચઢાઈ

# ઈસરો દેશના પહેલા સૂર્ય મિશન ‘આદિત્ય એલ-૧’ ૨ જી સપ્ટેમ્બરે લોન્ચિંગ માટે તૈયાર



સાંપ્રત પ્રવાહો


લેખક : દીપક જગતાપ

વર્ષ ૨૦૨૩ને દેશની સ્પેસ એજન્સી - ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) માટે આંતરગ્રહીય મિશનનું વર્ષ તરીકે ગણાવી શકાય. કારણકે ઈસરોનું ચન્દ્રયાન -૩ચન્દ્રના દક્ષિણ ગોળાર્ધ પર સોફ્ટ લેન્ડિંગ કરનારો વિશ્વનો પ્રથમ દેશ બની ગયો છે.ચન્દ્રયાન -૩ની સફળતા પછી ઈસરોની નજર હવે ચંદ્ર પછી સૂર્ય તરફ ખોડાઈ છે.ભારત હવે ચંદ્ર પછી સૂર્યની નજીક જવા તૈયાર થઈ ગયું છે. ચંદ્રયાન-૩ના લોન્ચિંગ પછી ઈસરોનું આગામી મિશન સોલાર વ્હીકલનું છે. ઈસરો સૌર વાતાવરણનો અભ્યાસ કરવા પોલર સેટેલાઇટ લોન્ચ વ્હીકલ (PSLV)/ રોકેટ પર તેના કોરોનોગ્રાફી ઉપગ્રહ આદિત્ય -૧ને મોકલશે.ઈસરો દેશના પહેલા સૂર્ય મિશન ’આદિત્ય એલ-૧’ લૉન્ચિંગ માટે તૈયાર છે. સૂર્ય પર સંશોધન માટે મોકલાઈ રહેલા આ ઉપગ્રહના તમામ પેલોડ (ઉપકરણો)નું પરીક્ષણ પૂરું થઈ ગયું છે.આદિત્ય L-1 મિશનને ૨ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સવારે ૧૧.૫૦ વાગે શ્રી હરિકોટાથી લોન્ચ કરવામાં આવશે.તેવી સત્તાવાર જાહેરાત પણ થઈ ચુકી છે.

ઈસરોએ જાહેરાત કરી છે કે સામાન્ય નાગરિકો પણ લોન્ચિંગ જોવા માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ઈસરોએ વ્યુ ગેલેરીમાં બેસીને લોન્ચ જોવા માટે તેની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન લિંક પણ બહાર પાડી છે. ઈસરો દ્વારા સૂર્યના અભ્યાસ માટે મોકલવામાં આવનાર આ પહેલું ભારતીય અવકાશ મિશન હશે.

આદિત્ય યાન L1 એટલે કે સૂર્ય-પૃથ્વીના લેગ્રેન્જિયન પોઈન્ટ પર રહીને સૂર્ય પર ઉદ્ભવતા તોફાનોને સમજી શકશે. આ બિંદુ પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે. અહીં પહોંચવામાં લગભગ ૧૨૦ દિવસ એટલે કે ૪ મહિના લાગશે. તે વિવિધ વેબ બેન્ડ્સમાંથી સાત પેલોડ્સ દ્વારા લેગ્રેન્જિયન બિંદુની આસપાસ ભ્રમણ કરશે, ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને સૌથી બહારના સ્તર, કોરોનાનું પરીક્ષણ કરશે.

આદિત્ય -૧ એ દેશની સંસ્થાઓની ભાગીદારીથી કરવામાં આવેલ સંપૂર્ણ સ્વદેશી છે. બેંગ્લોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એસ્ટ્રોફિઝિક્સ (IIA) વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફે તેના પેલોડ્સ બનાવ્યા. જ્યારે ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ પુણેએ મિશન માટે સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજર પેલોડ વિકસાવ્યું છે. આ સાથે યુવી પેલોડનો ઉપયોગ કોરોના અને સૌર રંગમંડળને જોવા માટે કરવામાં આવશે, જ્યારે એક્સ-રે પેલોડનો ઉપયોગ સૂર્યના જ્વાળાઓને જોવા માટે કરવામાં આવશે. પાર્ટિકલ ડિટેક્ટર અને મેગ્નેટોમીટર પેલોડ ચાર્જ કરેલા કણના પ્રભામંડળની ભ્રમણકક્ષા સુધી પહોંચતા ચુંબકીય ક્ષેત્ર વિશે માહિતી પ્રદાન કરશે. આદિત્ય યાનને સૂર્ય અને પૃથ્વીની વચ્ચે હાલો ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવશે.ઈસરોનું કહેવું છે કે L1 પોઈન્ટની ફરતે પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલો ઉપગ્રહ કોઈપણ ગ્રહણ વિના સૂર્યને




સતત જોઈ શકે છે. આની મદદથી રિયલ ટાઈમ સોલર એક્ટિવિટીઝ અને સ્પેસ વેધર પર પણ નજર રાખી શકાશે.

આદિત્ય L1 મિશનનો મુખ્ય હેતુ આ મિશન હવામાનની ગતિશીલતા, સૂર્યનું તાપમાન, પૃથ્વી પર અલ્ટ્રાવાયોલેટ કિરણોની અસર અને ઓઝોન સ્તરનો અભ્યાસ કરવાનો છે.વૈજ્ઞાનિકોનું માનવું છે કે, સૂર્યનો અભ્યાસ કરીને હવામાનની આગાહીની સચોટતામાં પણ વધારો થશે. આનાથી એવી સિસ્ટમ બનાવવામાં મદદ મળશે, જેના દ્વારા વાવાઝોડાની જાણકારી તરત જ મળી જશે અને એલર્ટ જારી કરી શકાશે. સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (SUIT), આદિત્ય -૧ મિશન માટેનું મુખ્ય સાધન, પુણે સ્થિત ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ (IUCAA) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. ઈસરોનાં જણાવ્યા અનુસાર અવકાશયાનને સૂર્ય-પૃથ્વી સિસ્ટમના પ્રથમ લેગ્રેન્જ પોઈન્ટ (L1)ની આસપાસ પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવશે. L1 બિંદુની આસપાસ, ઉપગ્રહ કોઈપણ અવરોધ વિના સૂર્યને સતત જોઈ શકશે. આદિત્ય-L1નું નામ હિંદુ સૂર્ય ભગવાન અને અવકાશયાનના ભાવિ ઘરના નામ પરથી રાખવામાં આવ્યું છે. જ્યારે L1 એ પૃથ્વી-સૂર્ય પ્રણાલીનો પ્રથમ લેગ્રેન્જ બિંદુ છે. તે કોરોનલ માસ ઈજેક્શનની ગતિશીલતા અને મૂળ જેવા અનેક ગુણધર્મોનો અભ્યાસ કરશે.‘આદિત્ય એલ-૧’થી આપણે સોલર કોરોનલ ઈજેક્શન એટલે કે સૂર્યના ઉપરી વાયુમંડળમાંથી નીકળતી જ્વાળાઓનો અભ્યાસ કરશે . સૂર્યના કોરોનાને સરળતાથી ના જોઈ શકાય. સૂર્યગ્રહણ વખતે જ તેનો અભ્યાસ થઈ શકે છે. આ જ્વાળાઓ આપણા કોમ્યુનિકેશન નેટવર્ક અને પૃથ્વી પર થતી ઈલેક્ટ્રોનિક ગતિવિધિને અસર કરે છે.

ધરતી પર ઊર્જાનો એકમાત્ર સ્રોત સૂર્ય આપણા સૌરમંડળનો સૌથી નજીકનો તારો છે. સૂર્યનાં કિરણો આઠ મિનિટે ધરતી પર પહોંચે છે, જ્યારે બાકીના તારા એટલા દૂર છે કે તેનાં કિરણો ધરતી પર પહોંચતા ચાર વર્ષનો સમય લાગે છે. ઉલ્લેખનીય છે તે નાસા સહિતની વિશ્વના વિવિધ દેશોની અવકાશ સંશોધન સંસ્થાઓ સૂર્યનો અભ્યા કરવા માટે વિવિધ મિશન પર કામ કરી રહ્યાં છે. ઈસરોએ આદિત્ય-૧ને સોલર કોરોનાનું નિરીક્ષણ કરવા માટે ઉપયોગ કરવાનો નિર્ણય લીધો છે. જે સૂર્યનું બહારનું પડ છે અને ફોટોસ્ફિયરના હજારો કિમી સુધી લંબાયેલું છે. કોરોનાનું તાપમાન એક મિલિયન ડિગ્રી કેલ્વીન કરતાં પણ વધુ હોય છે, જે સોલાર ડિસ્કના તાપમાન અંદાજે ૬૦૦૦ કેલ્વિન કરતાં વધુ ઊંચું હોય છે. વૈજ્ઞાનિકો હજુ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે કોરોનામાં આટલું ઊચ્ચ તાપમાન કેવી રીતે પેદા થાય છે?

**ADITYA- L1** તેનાં વધારાના સંસાધનોની મદદથી સૂર્યના ફોટોસ્ફિયર (હળવા અને તીવ્ર એક્સ-રે), ક્રોમોસ્ફિયર (અલ્ટ્રાવાયોલેટ કિરણો) અને કોરોના (નરી આંખે દેખાય તેવા અને NIR કિરણો)નો વિસ્તૃત અભ્યાસ કરી શકાશે. આ ઉપરાંત, પાર્ટિકલ પેલોડ્સ સૂર્યમાંથી જે અતિસૂક્ષ્મ કણો છૂટા પડે છે તેનો અભ્યાસ કરશે. મેગ્નેટોમિટર પેલોડ પ્રાભામંડળ ભ્રમણકક્ષામાં રહેલા ચૂંબકિય ક્ષેત્રનો વિસ્તૃત અભ્યાસ કરશે. આ પેલોડને પૃથ્વીના ચૂંબકિય ક્ષેત્રથી બહારના વિસ્તારમાં સ્થાપિત કરાશે અને તેઓ પૃથ્વીની નિચલી ભ્રમણકક્ષામાં ઉપયોગી સાબિત થશે નહીં. આદિત્ય એલ-૧માં કુલ સાત ઉપકરણ (વીઈએલસી, સૂટ, એએસપીઈએક્સ, પાપા, સોલેક્સ, હેલ૧૦એસ અને મેગ્નોમીટર) હશે. તેમાં ચાર સીધા સૂર્યથી પૃથ્વી સુધી આવનારા ઊર્જિત કણોનો અભ્યાસ કરશે અને તપાસ કરશે કે આખરે આ કણ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રમાં કેવી રીતે ફસાઈ જાય છે? સૂર્યના કિનારે કેવી રીતે કોરોનલ ઈજેક્શન થઈ રહ્યું છે અને તેની તીવ્રતા શું છે? તેનાથી સૂર્યની ગતિવિધિનું પૂર્વાનુમાન લગાવવાની ક્ષમતા વિકસિત થઈ શકે છે. આદિત્ય લેગ્રેન્જ પોઈન્ટની આસપાસથી પસાર થશે. પૃથ્વીથી તેનું અંતર ૧.૫ મિલિયન કિમી છે. આ સ્થિતિમાંથી આ વાહન સૂર્યને સારી રીતે જોઈ શકશે. આ વાહન દ્વારા સૂર્યની વિવિધ પ્રક્રિયાઓ જોઈ શકાય છે.

**ન્યૂઝ બ્રિફ**

## ઈરાને વેઈટ લિફ્ટર પર આજીવન પ્રતિબંધ મૂક્યો

। તહેરાન, તા.૩૧ ।

ઈઝરાયેલ પ્રત્યે ઈરાનને કેટલી નફરત છે તેનુ એક ઉદાહરણ સામે આવ્યુ છે અને તેના કારણે રમત જગત ચોંકી ઉઠ્યુ છે. મળતી વિગતો પ્રમાણે પોલેન્ડમાં યોજાયેલી વર્લ્ડ માસ્ટર્સ ચેમ્પિયનશિપમાં ઈરાનના વેઈટ લિફ્ટર મુસ્તફા રાજાઈએ પોડિયમ પર ઉભેલા ઈઝરાયેલના ખેલાડી મક્સિમ સ્વેસ્કી સાથે હાથ મિલાવ્યો હતો અને તેના કારણે ઈરાનની સરકારનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. ઈરાનની સરકારી ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે હવે મુસ્તફા રાજાઈ પર આજીવન પ્રતિબંધ લગાવી દેવાયો છે. દેશના કોઈ પણ સ્ટેડિયમમાં તેને હવે પ્રવેશ નહીં મળે. સાથે સાથે પોલેન્ડમાં યોજાયેલી સ્પર્ધામાં ગયેલા ઈરાનના પ્રતિનિધિમંડળના પ્રમુખ હામિદ સાલેહિનિયાની પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. ઈઝરાયેલ અને ઈરાનને બાપે માર્યા વેર છે. ઈરાને પોતાના તમામ ખેલાડીઓને ઈઝરાયેલના ખેલાડીઓ સાથે વાત કરવા પર પ્રતિબંધ લગાવેલો છે. રાજાઈ ઈરાનની નેશનલ ટીમના પૂર્વ સભ્ય છે. તેણે થાઈલેન્ડમાં ૨૦૧૫માં યોજાયેલી એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં પોતાના દેશનુ પ્રતિનિધિત્વ કર્યુ હતુ.

## પાક.માં વીજળીનાં તોતિંગ બીલ જોઈ બેની આત્મહત્યા

। ઈસ્લામાબાદ, તા.૩૧ ।

પાકિસ્તાનમાં મોંઘવારીએ લીધેલા વિકરાળ સ્વરૂપ વચ્ચે વીજળીના વધી ગયેલા રેટના કારણે હાહાકાર મચી ગયો છે. વધેલુ વીજ બિલ જોઈને પાકિસ્તાનમાં અત્યાર સુધી બે લોકોએ આત્મહત્યા કરી દીધી છે. આઈએમએફે આપેલી લોન બાદ તેની શરતોનુ પાલન કરવા માટે પાકિસ્તાની સરકારે વીજળીના દરોમાં કમરતોડ વધારો કરી દીધો છે. જેના કારણે હવે વીજ દર પ્રતિ યુનિટ ૬૪ રૂપિયા સુધી પહોંચ્યો છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં ૩૫ વર્ષના મહોમ્મદ હમઝાનુ વીજ બિલ ૪૦૦૦૦ રૂપિયા આવ્યુ હતુ અને એ પછી તેણે આપઘાત કર્યો હતો. પરિવારનુ કહેવુ છે કે, પહેલેથી જ હમઝા પર દેવુ હતુ અને તેમાં વીજ બિલ જોઈને તે હિંમત હારી ગયો હતો. તેના બે બાળકો પણ છે. પોલીસે આ વાતને સમર્થન આપીને કહ્યુ હતુ કે, સમગ્ર મામલાની તપાસ કરવામાં આવશે. ખૈબર પખ્તૂનખાનામાં તો વીજ બિલ જોઈને એક વ્યક્તિનુ મગજ ફાટ્યુ હતુ અને તે એકે ૪૭ લઈને અગાસી પર ચઢી ગયો હતો.

## જી૨૦ માટે મૂકાયેલા ફૂલનાં કુંડાની ચોરી, પોસ્ટર્સ ફાટ્યા

। નવી દિલ્હી, તા.૩૧ ।

નવી દિલ્હીમાં જી૨૦ સમિટ માટેની તૈયારીઓ ચાલી રહી છે. તમામ મુખ્ય રસ્તાઓ પર ડેકોરેશન માટે રાખવામાં આવેલા ફૂલ કુંડાની ચોરી થઈ રહી છે. રાત્રીના સમયમાં આ સણગારેલા કુંડાઓ ગાયબ થઈ રહ્યા છે. આ સિવાય સ્માર્ટ ટોયલેટ બ્લોકની બહાર સ્થાપિત જી૨૦ના બેનરો-પોસ્ટરો પણ બ્લેડથી ફાડી નાખવામાં આવ્યા છે. એનડીએમસીપાસે લગભગ ૫૦ બેનર-પોસ્ટરો ફાટી ગયા છે. અધિકારીઓનું કહેવું છે કે સીસીટીવી કેમેરામાં કાર પર આ ફૂલના કુંડાઓ મૂક્યાનું જોવામાં આવ્યું છે. આ માહિતી પોલીસને આપવામાં આવી છે. હાલ પ્રાથમિક જવાબદારી ડેકોરેશન જાળવવાની છે. આ સ્થિતિમાં સવારે દરેક પોઈન્ટ પર વધારાના છોડ રાખવા મજબૂરી બની ગઈ છે. એનડીએમસીજી-૨૦ સમિટની તૈયારી કરી રહ્યું છે જેમાં રોડ-રસ્તા અને શેરીઓમાં પણ ખાસ પ્રકારે ડેકોરેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. આ ડેકોરેશન સરદાર પટેલ માર્ગ, પંચશીલ માર્ગ, કૌટિલ્ય માર્ગ, રાજાજી માર્ગ, તીન મૂર્તિ, વિનય માર્ગ, અકબર રોડ, શેરશાહ રોડ, ઝાકિર હુસૈન માર્ગ, પંડારા રોડ, કેજી માર્ગ, જનપથ, સંસદ માર્ગ, હૈદરાબાદ હાઉસ સહિત કનોટ પ્લેસના તમામ પોઈન્ટ, કોપરનિકસ માર્ગ, પુરાણા કિલા રોડ, ઈન્ડિયા ગેટ પાસે કુંડામાં મોટી સંખ્યામાં સુંદર છોડ રાખવામાં આવ્યા છે.





### એશિયા કપની પાકિસ્તાન-નેપાળ વચ્ચે પ્રથમ મેચ

# નેપાળ સામેની મેચમાં પાક. બોલર શાહિન આફ્રિદીને ઈજા થઈ

### નેપાળ સામે શાહીને ૫ ઓવર ફેંકી હતી, જેમાં તેણે ૨૭ રન આપીને ૨ વિકેટ લીધા બાદ ઈજાને લીધે બહાર ગયો

। કરાંચી, તા.૩૧ ।

એશિયા કપ ૨૦૨૩ની શરૂઆત ગઈકાલે થઈ હતી. ટૂર્નામેન્ટની પ્રથમ મેચ પાકિસ્તાન અને નેપાળ વચ્ચે રમાઈ હતી, જેમાં પાકિસ્તાને જીત મેળવી હતી પરંતુ ૨ સપ્ટેમ્બરે ભારત સામે રમાનાર મોટી મેચ પહેલા પાકિસ્તાન ટીમ માટે મુશ્કેલી ઊભી થઈ છે.

નેપાળ સામેની મેચમાં પાકિસ્તાનનો મુખ્ય ફાસ્ટ બોલર શાહીન આફ્રિદી થોડી મુશ્કેલીમાં જોવા મળ્યો હતો. મુશ્કેલી બાદ શાહીન મેદાનની બહાર પણ ચાલી ગયો હતો. આ ભારત માટે સારા સમાચાર છે. પાકિસ્તાની ફાસ્ટ બોલર નવા બોલ સાથે ભારતના બેટ્સમેનો સામે મુશ્કેલી ઉભી કરી શકે છે.

શાહીન આફ્રિદીના મેદાનની બહાર જવાથી તેના ફેન્સને તેના ઈજાગ્રસ્ત થવાનો ડર સતાવી રહ્યો છે. મેદાન છોડતા પહેલા શાહીને ટીમના ડોક્ટર અને ફિઝિયો સાથે વાત પણ કરી હતી. ભારત સામેની મેચમાં શાહીન પાકિસ્તાનનો મુખ્ય બોલર હશે. નવા બોલથી શાહીન ભારતીય ટોપ ઓર્ડર માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. જો શાહીનને કોઈપણ પ્રકારની ઈજા થાય છે તો તે માત્ર ભારત સામે જ નહીં પરંતુ સમગ્ર એશિયા કપ અને આગામી વર્લ્ડ કપમાં પણ નહી રમી શકે, જેનો લાભ ભારતીય ક્રિકેટ ટીમ લેવા માંગશે.

નેપાળ સામે રમાયેલી મેચમાં શાહીને ૫ ઓવર ફેંકી હતી, જેમાં તેણે ૨૭ રન આપીને ૨ વિકેટ લીધી હતી અને પછી તે સમસ્યાને કારણે મેદાનની બહાર ચાલ્યો ગયો હતો. મેચ દરમિયાન મુલતાનમાં તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસથી વધુ હતું. વધુ પડતી ગરમી અને ભેજ પણ શાહીનની સમસ્યાનું કારણ હોઈ શકે છે. પાકિસ્તાને કોઈ જોખમ લીધા વિના શાહીનને મેદાનની બહાર મોકલી દીધો હતો. જો કે શાહીન નેપાળ સામે જે લય માટે જાણીતો છે તેમાં દેખાયો હતો અને તેણે પહેલી જ ઓવરમાં બે વિકેટ ઝડપી હતી.

### આત્મહત્યા પહેલા ઈન્સ્ટાગ્રામ પર વીડિયો શેર કર્યો

# ઈન્ટરનેશનલ રેસલર રૌનક ગુલિયાનો આત્મહત્યાનો પ્રયાસ

### તિહાડ જેલના જેલર દીપક શર્માએ છેતરપિંડીનો આરોપ લગાવતો કેસ કરતા નસ કાપીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ

। હિસાર, તા.૩૧ ।

હરિયાણાના હિસારમાં રહેતી ઈન્ટરનેશનલ રેસલર રૌનક ગુલિયાએ આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે રેસલર રૌનક ગુલિયા અને તેમના પતિ અંકિત ગુલિયા વિરુદ્ધ દિલ્હીની તિહાડ જેલના જેલર દીપક શર્માએ છેતરપિંડીનો આરોપ લગાવતા કેસ દાખલ કરાવ્યો હતો. તેનાથી પરેશાન થઈને રૌનક ગુલિયાએ હિસારના ૧૬-૧૭ સેક્ટરમાં સ્થિત પોતાના ઘરે નસ કાપીને પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયત્ન કર્યો હતો. આત્મહત્યાનો પ્રયત્ન કરતા પહેલા રૌનકે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર એક વીડિયો શેર કર્યો હતો. જેમાં તેણે પોતાને નિર્દોષ ગણાવી હતી. ઈન્સ્ટાગ્રામ વીડિયો રેસલર ગુલિયાના કોચે જોઈ લેતા તે ઘટના





સ્થળે પહોંચી ગયો હતો અને તેમણે રૌનકને એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરી હતી.

બીજી તરફ હિસાર પોલીસે રૌનક ગુલિયાનું નિવેદન નોંધીને તપાસ હાથ ધરી છે. રેસલર રૌનકે જણાવ્યું કે, તેમની વિરુદ્ધ એક ન્યૂઝ ચાલી રહ્યા છે. જેલર મારા નામથી વાયરલ કરી રહ્યો છે કે, મેં ૫૧ લાખ રૂપિયાની છેતરપિંડી કરી. પરંતુ એ તારીખે હું આઉટ ઓફ ઈન્ડિયા હતી. જે કંપની બંધ થઈ તેનું દોઢ વર્ષ થયું છે તે કંપનીના નામ લઈ રહ્યો છે જે ૫૦ લાખની પણ નથી.

મારા વિરુદ્ધ કોઈ પણ પુરાવો હોય તો મારી ધરપકડ કરી લો. રોનકે જણાવ્યું કે, મારા પતિ અંકિત ગુલિયા અને દિપક શર્મા એકબીજાને જાણતા હતા. મારા પતિ અને દીપક શર્માએ મળીને સટ્ટાબાજી ઓનલાઈન એપ અને દારૂ સપ્લાયનું કામ કરવા લાગ્યા જેને લઈને તેમની પૈસાની લેવડદેવડ છે. જેની જાણકારી મને એપ્રિલ ૨૦૨૩માં થઈ અને ત્યારબાદથી મારા પતિ સાથે મારે મતભેદ થયા અને હું હાલ હિસારમાં રહું છું. આ ઉપરાંત દીપક જેલરે જે તારીખે તેને મળવાનો આરોપ લગાવ્યો છે તે દરમિયાન હું બેલારુસમાં ટ્રેનિંગ કરી હતી.

### વર્લ્ડ કપ ૨૦૨૩ માટે તમામ ટીમોની તૈયારીઓ શરૂ

# ભારતીય મૂળના તનવીર સંઘા ઓસી. વર્લ્ડકપ ટીમમાં સામેલ

### તનવીરે તેની ડેબ્યુ મેચમાં દ. આફ્રિકા સામેની ટી૨૦માં ચાર ઓવરમાં માત્ર ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી

। ડરબન, તા.૩૧ ।

વર્લ્ડ કપ ૨૦૨૩ માટે તમામ ટીમોએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભારત-પાકિસ્તાનની ટીમો એશિયા કપ જેવી મોટી ટુર્નામેન્ટ રમી રહી છે. તે જ સમયે દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૩ મેચની ટી૨૦ સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝની પ્રથમ મેચ ગઈકાલે ડરબનમાં રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાની ટીમે દક્ષિણ આફ્રિકાને હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયાની જીતનો હીરો ભારતીય મૂળનો ઓસ્ટ્રેલિયન ખેલાડી હતો. આ ખેલાડીએ પોતાની ડેબ્યુ મેચમાં જ બધાનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે.

ઓસ્ટ્રેલિયાની ટીમે સિરીઝની પ્રથમ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૧૧ રને હરાવ્યું હતું. આ મેચમાં ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતા



યજમાન ટીમને ૨૨૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ પછી આફ્રિકાની ટીમ માત્ર ૧૧૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી તનવીર સંઘાએ સૌથી વધુ વિકેટ લીધી હતી. તનવીર સંઘાનો પંજાબ સાથે ખૂબ જ ખાસ સંબંધ છે.

૨૧ વર્ષીય તનવીર સંઘાનો જન્મ ઓસ્ટ્રેલિયાના સિડનીમાં થયો હતો. પરંતુ તનવીરના પિતા જોગા સંઘા ભારતના રહેવાસી છે. તે પંજાબના રહીમપુર ગામના રહેવાસી છે. તેથી આ રીતે તનવીરનું ભારત સાથે ખુબ જ ખાસ કનેક્શન છે. તનવીરના પિતાએ વર્ષ ૧૯૯૭માં ભારત છોડી દીધું હતું, ત્યારથી તેઓ ઓસ્ટ્રેલિયામાં જ રહે છે. તનવીર સંઘા પણ સમયાંતરે ભારત આવતા રહે છે.

ઓસ્ટ્રેલિયાની ટીમના ઘણા ખેલાડીઓ હાલમાં ઈજાગ્રસ્ત છે. આવી સ્થિતિમાં તનવીર સંઘાને દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટી૨૦ મેચમાં ડેબ્યૂ કરવાની તક મળી હતી. આ તકનો ફાયદો ઉઠાવતા તેણે ચાર ઓવરમાં માત્ર ૩૧ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. તેણે એઈડન માર્કરમ, ડેવાલ્ડ બ્રેવિસ, ટ્રીસ્ટન સ્ટબ્સ અને માર્કો જેન્સન જેવા ખેલાડીઓને પોતાનો શિકાર બનાવ્યો હતો. તનવીર સંઘા ભારતમાં યોજાનારા વર્લ્ડ કપમાં રમતા જોવા મળી શકે છે.



અમૃત-વાગાહ બોર્ડર પોસ્ટ પર યુવતીઓ દ્વારા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)ને રક્ષાબંધનના પ્રસંગે રાખડી બાંધવામાં આવી હતી.

### રેલવે મંત્રાલય ૫૦૮ રેલવે સ્ટેશનને ડેવલપ કરી રહી છે

# પ્રયાગરાજના રેલવે સ્ટેશનના વિકાસમાં કુંભ પડકારજનક

### ગત કુંભ મેળામાં ૨૪ કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા હતા, આ વર્ષે બે ઘણા ૪૮ કરોડ શ્રદ્ધાળુ આવવાની સંભાવના છે

। નવી દિલ્હી, તા.૩૧ ।

રેલવે મંત્રાલય દેશભરમાં ૫૦૮ રેલવે સ્ટેશનને ડેવલપ કરી રહી છે. આ તમામ સ્ટેશનો ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં આવેલા છે. મુસાફરોને ટ્રેન પકડવામાં મુશ્કેલી ન પડે અને તેમને વધુમાં વધુ સુવિધા મળે તે માટે રેલવે આ સ્ટેશનો ડેવલપ કરી રહ્યું છે, જોકે આ તમામ સ્ટેશનોમાંથી રેલવે માટે એક સ્ટેશન ડેવલપ કરવું સૌથી પડકારજનક બન્યું છે... આ બાબતને ખુદ રેલવે મંત્રીએ સ્વિકારી અને તેનું કારણ પણ જણાવ્યું છે... સારી વાત એ છે કે, પડકારજનક સ્ટેશન પર કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના જણાવ્યા અનુસાર આમ તો તમામ સ્ટેશનો ડેવલપ કરવા પડકારજનક હોય છે... કારણ કે વર્તમાન સમયમાં તે સ્ટેશનો પર ટ્રેનું સંચાલન થતું હોય છે... કંટ્રોલ સિસ્ટમ હોય છે... જંકશન બોક્સ, કેબલ, ઓપ્ટીકલ ફાઈબર સંબંધીત ઉપકરણો પણ ધ્યાન રાખવું પડે છે... ત્યારે આ તમામ સમસ્યાઓમાં નડતર બન્યા વગર સ્ટેશનોને ડેવલપ કરવું પડકારજનક હોય છે... જો ડેવલપ થઈ રહેલા સ્ટેશન પર એક સાથે લાખોની ભીડ પહોંચે તો ખરેખર, સૌથી મોટા પડકારની વાત છે... આટલી મોટી સંખ્યામાં લોકોની ભીડને મેનેજ પણ કરવાનું હોય છે. અહીં વાત ઉત્તર પ્રદેશમાં આવેલા પ્રયાગરાજ રેલવે સ્ટેશનની થઈ રહી છે... આ સ્ટેશનને પણ ડેવલપ કરવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. જોકે આ દરમિયાન વર્ષ ૨૦૨૫માં કુંભ શરૂ થશે. દેશભરના કરોડો ભક્તો અહીં કુંભ પર આવશે... ઉત્તર પ્રદેશ સરકારના જણાવ્યા મુજબ ગત કુંભમાં ૨૪ કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા હતા, તો આ વર્ષે બે ઘણા એટલે કે ૪૮ કરોડ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના છે.

### વેક્સિન બનાવતી કંપનીએ મોટા સમાચાર આપ્યા

# વર્ષની અંદર ડેન્ગ્યુની રસી લોન્ચ કરવામાં આવશે : સાયરસ પૂનાવાલા

। નવી દિલ્હી, તા.૩૧ ।

વિશ્વની સૌથી મોટી વેક્સિન બનાવતી કંપની સીરમ ઈન્સ્ટિટ્યૂટે ડેન્ગ્યુને લઈને મોટા સમાચાર આપ્યા છે. કંપનીના ચેરમેન સાયરસ પૂનાવાલાએ જાહેરાત કરી હતી કે કંપની એક વર્ષની અંદર ડેન્ગ્યુની રસી લોન્ચ કરશે. પૂનાવાલાએ કહ્યું, આ નવી રસીની આફ્રિકન દેશો અને ભારતમાં ખૂબ જ જરૂર છે, કારણ કે દર વર્ષે લાખો લોકો આ રોગથી પીડિત થઈ રહ્યા છે. સાયરસ પૂનાવાલાએ કહ્યું કે એક વર્ષની અંદર, અમે ડેન્ગ્યુની સારવાર અને રસી વિકસાવીશું. સીરમ ઈન્સ્ટિટ્યૂટ લાંબા સમયથી ડેન્ગ્યુની રસી પર કામ કરી રહી છે અને તેનાથી સંબંધિત ઘણા ટ્રાયલ થઈ ચૂક્યા છે.

### શ્રીનગરની કોર્ટે મહાઠગને જામીન આપ્યા

# મહાઠગ કિરણ પટેલ સામેની ૪૬૭મી કલમ તપાસ એજન્સીએ દૂર કરી

। શ્રીનગર, તા.૩૧ ।

શ્રીનગરના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટની અદાલતે મહાઠગ કિરણ પટેલની જામીન આપતા નોંધ્યું હતું કે ચાર્જશીટના અવલોકનથી સ્પષ્ટ થાય છે કે આઈપીસીધારા ૪૬૭ હેઠળના ગુનો કે જેમાં આજીવન કેદની સજા છે તેને તપાસ એજન્સી દ્વારા દૂર કરવામાં આવી છે.

કોર્ટે નોંધ્યું હતું કે ધારા ૪૬૭ હેઠળના ગુનાને દૂર કર્યા બાદ આરોપી વ્યક્તિ દ્વારા કરવામાં આવેલા બાકીના ગુનામાં માત્ર ૭ વર્ષની સુધીની સજાની જોગવાઈ છે. ધારા ૪૬૭ તે જેમાં બનાવટી વીઆઈપી સિક્યોરિટી, વિલ, વગેરેની સાથે સંબંધિત છે, તેમાં આજીવન કેદ અથવા ૧૦ વર્ષ અને દંડની સજાની જોગવાઈ છે.

## તંત્રી લેખ...

# ચીને પોતાના નવા નક્શામાં દક્ષિણ ચીન સાગરને પણ સામેલ કર્યું

ગત ૨૩ ઓગસ્ટે અંતરિક્ષમાં ઈતિહાસ રચતાં ભારતનું ચંદ્રયાન-૩ ચંદ્રના દિક્ષણી ધ્રુવની સપાટી પર સફળતા પૂર્વક ઉતરી ગયું. તેની સાથે જ ભારત ચંદ્રમાના દિક્ષણ ધ્રુવ પર સફળ અભિયાન મોકલનારો વિશ્વનો પહેલો દેશ બની ગયો છે. આ ઉપલબ્ધિ બાદ દેશમાં સ્વાભાવિક રીતે જ ઉત્સવનો માહોલ બની ગયો. પરંતુ આ ઉત્સવ વચ્ચે જ એક આયાતી વિચારધારાથી પ્રભાવિત કેટલાક વિચાર એવા પણ જોવા મળ્યા કે જેનો આસય એવો હતો કે આ ઉપલબ્ધિ ધર્મ પર વિજ્ઞાનની શ્રેષ્ઠતા સાબિત કરે છે. એમ કહેવામાં આવ્યું કે દેશની પ્રગતિ માટે ધાર્મિક કર્મકાંડ નહીં, વૈજ્ઞાનિક ચેતના જરૂરી છે. વસ્તુતઃ આ બધી વાતો દ્વારા ખાસ વૈચારિક જમાત દ્વારા ધર્મને વિજ્ઞાનનો વિરોધી સાબિત કરવાની જ કુચેષ્ટા કરવામાં આવી. તેમાં કશું નવું નથી. આ ખાસ વૈચારિક જમાત હંમેશાં આ જ તકની રાહ જોતી હોય છે કે ક્યાંકથી કોઈ અવસર મળે જેનાથી ભારતીય ધર્મ અને સંસ્કૃતિને નીચા દેખાડી શકાય. પરંતુ આ પ્રસંગમાં આ લોકો દ્વારા જે પ્રકારની અવધારણા રજૂ કરવામાં આવી, તે બિલકુલ ધડ-માથા વગરની જ છે. સાચું તો એ છે કે પશ્ચિમમાં ક્યારેક ધર્મ અને વિજ્ઞાન વચ્ચે વિરોધનો ભાવ રહ્યો હતો, જ્યારે કેથોલિક ચર્ચ દ્વારા નવીન સિદ્ધાંતોના પ્રતિપાદન પર અનેક વિજ્ઞાનીઓને ધર્મ-વિરોધી ગણાવતાં યાતનાઓ આપવામાં આવી હતી. સૂર્યકેન્દ્રી સિદ્ધાંત માટે ગેલિલિયો પર ચર્ચ દ્વારા કરવામાં આવેલા અત્યાચારોનો ઈતિહાસ સર્વવિદિત છે. પરંતુ ભારતીય પરંપરામાં તો આ પ્રકારની વાત ક્યાંય નથી મળતી, જ્યારે કોઈ નવી વૈજ્ઞાનિક સિદ્ધાંતના પ્રતિપાદન પર કોઈને ધર્મવિરોધી ઠેરવવામાં આવ્યા હોય. આપણે ત્યાં તો ધર્મના વિધિવિધાનોમાં જ વૈજ્ઞાનિક દૃષ્ટિનાં દર્શન થઈ જાય છે. સૂર્યકેન્દ્રી સિદ્ધાંત પહેલાં જ્યારે આખું વિશ્વ પૃથ્વીને કેન્દ્રમાં રાખીને સૂર્યને તેની પરિક્રમા કરાવી રહ્યું હતું, તેના હજારો વર્ષ પહેલાં જ આપણે નવગ્રહ પૂજનમાં સૂર્યને કેન્દ્રમાં રાખીને પૂજતા આવ્યા છીએ. યોગ જેવી અનુપમ આરોગ્ય વ્યવસ્થા જેનું મહત્ત્વ આજે સમસ્ત વિશ્વ સ્વીકારી રહ્યું છે, તેનો સ્રોત આપણો ધર્મ જ છે. એવા ઘણા ઉદાહરણ આપી શકાય, જે સનાતન ધર્મની વૈજ્ઞાનિક ચેતનાને સિદ્ધ કરે છે. વધુ તો શું કહેવું, જો ઈસરોના વડા એસ.સોમનાથ પોતાના વક્તવ્યમાં કહેતા હોય કે અલજીબ્રા, સ્ક્વેર રૂટ, સમયના સિદ્ધાંત, આર્કિટેક્ચર, મેટલર્જી તથા અંતરિક્ષ વિજ્ઞાન વગેરેના સિદ્ધાંત વેદોમાંથી નીકળ્યા છે, તો એનાથી જ સાબિત થઈ જાય છે કે ભારતમાં ધર્મ અને વિજ્ઞાન વચ્ચે કોઈ વિરોધ નથી. આ બંને ક્ષેત્રોમાં યાત્રાના માર્ગ અલગ હોઈ શકે છે, લ-યના વિસ્તાર અલગ-અલગ હોઈ શકે છે, પરંતુ ઉદ્દેશ્ય એક જ છે - સત્ય સુધી પહોંચવું.



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

## શ્રાવણ માસમાં શિવ મહિમા- ૧૬ શતરૂદ્ર સંહિતામાં જણાવેલ ભગવાન ભોળાનાથ સદા શિવના હનુમાનાવતારનો મહિમા

એકત્રીસ ઓગસ્ટ-૧૯૭૩માં રાજસ્થાન બનાસકાંઠામાં ભારે વરસાદને કારણે દાંતીવાડા ડેમ રાત્રે તુટ્યો હતો એ ભયાનક રાત્રિની યાદ આજે ઘણાના કાળજા કંપાવે એ ભયાનકતા કૂદરતી આફતમાં મોટી માનવ પશુ જાનહાની અને આર્થિક નુકસાન થયેલ જેને અડધી સદીનો સમય વિતી ગયો તો ઓગસ્ટ મહિનામાં વરસાદ ૧૯૦૧ પછી આજે ૨૦૨૩માં વરસાદ વગર પસાર થયો હોય તેવું બન્યું છે.શ્રાવણ માસના અડધો કોરો ધાકોર ગયો એ પહેલાં રાજસ્થાન બનાસકાંઠા જિલ્લાના કેટલાક વિસ્તારમાં મેઘ રાજાની અવિરત મહેરના કારણે દાંતીવાડા ડેમની સપાટી ૬૦૦ ફુટ ની ભયજનકની નજીક પહોંચતા તંત્ર દ્વારા વચ્ચે દરવાજા ખોલી પાણી છોડવામાં આવતાં જ બનાસનદી જીવિત થઈ છે. આપણે વરસાદની આશાએ શિવ મહિમાનું રસપાન ઉત્સાહ ભક્તિ સભર વાતાવરણમાં કરી રહયા છીએ. ત્યારે સારંગપુર હનુમાનજી મહારાજની ૫૪ ફુટ ઊંચી પ્રતિમાના લોકાર્પણથી આખા દેશમાં આનંદ ખુશીનો માહોલ છવાઈ ગયો હતો પણ શ્રાવણ માસમાં અચાનક હનુમાન દાદાને સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ ના સેવક બતાવવામાં આવતા સનાતન ધર્મમાં ભારે વિવાદ જાગ્યો છે આજે શ્રાવણ વદ એકમ/બીજને શુક્રવારે આજે આપણે શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૬માં શત રૂદ્ર સંહિતામાં જણાવેલ ભગવાન ભોળાનાથ સદા શિવના હનુમાનાવતારનો મહિમા જાણવા પ્રયત્ન કરીશું. એકવાર મહાદેવ શ્રીહરિના મોહિ ની સ્વરૂપથી ઘણા કામાસક્ત થઈ શ્રીરામના કલ્યાણાર્થે પોતાના વીર્ય નું સ્ખલન કર્યું હતું. તે વીર્ય સપ્તર્ષિ ઓએ પાંદડાં પર રાખ્યું હતું.એ મહર્ષિઓએ ભોળાનાથ ના વીર્યને શ્રીરામના કાર્ય માટે ગૌતમની પુત્રી અંજના વિશે તેના કાન દ્વારા પ્રવેશાવ્યું. સમય જતાં એ વીર્ય માંથી હનુમાન નામ ધારણ કરતાં શિવ વાનર રૂપે જન્મ્યા હતા. તે ઘણા બળવાન અને પરાક્રમી હતા. તેમણે એક દિવસ સૂર્યને ફળ સમજી આરોગવાનું શરૂ કર્યું,પરંતુ દેવોની વિનવણીથી તેમ કરવાનું બંધ કર્યું. હનુમાને સૂર્ય પાસે ઘણી વિદ્યાઓ શીખી હતી. પછી માતા તથા સૂર્યની આજ્ઞાથી તેઓ સુગ્રીવ પાસે ગયા. સુગ્રીવની પત્ની ને તેનો ભાઈ વાલી હરી જતાં સુગ્રીવ હનુમાન સાથે વસ્યો હતો. શિવના અંશથી જન્મેલા હનુમાને સુગ્રીવનું ઘણું હિત કર્યું હતું. તેમણે સુગ્રીવ ની શ્રીરામચંદ્ર સાથે સુખભરી મિત્રતા કરાવી.શ્રીરામે વાલીને હણી સુગ્રીવને તેની પત્ની અને રાજ્ય પ્રાપ્ત કરાવ્યાં.ત્યાર બાદ હનુમાને શ્રીરામની સહાય અર્થે અનેક વાનરોની સાથે સીતા ની શોધ કરી હતી. તેમણે લંકામાં પ્રવેશી રામજીની વીંટી સીતાજીને આપી હતી અને તેમણે પોતાના પૂંછડા વડે આખી લંકા બાળી હતી.ત્યારબાદ અનેક વાનરોની સાથે સમંદરમાં મોટા મોટા પર્વતો ખડકીને રસ્તો કર્યો હતો.તેમણે યુદ્ધમાં લક્ષ્મણને જીવંત કરવા ઔષધિ સહિતનો પહાડ લાવી આપી શ્રીરામને સહાય કરી હતી અને લક્ષ્મણજીને જીવન બક્ષ્યું હતું. આમ, હનુમાને ઘણી રીતે શ્રીરામની સહાય કરીને પૃથ્વી પર શ્રીરામની ભક્તિનું સ્થાપન કરી તેમના દાસ બન્યા હતા.શ્રાવણ માસમાં શિવ મહિમા વાચનાર સાંભળનાર વ્રત તપ આરાધના ઉપાસના અભિષેક કરનાર સૌ કોઈ ભાવિક સદા શિવ ભોળાનાથ શંભુ દેવાધિદેવ મહાદેવના ભકતોને મળે તેવી પ્રાર્થના.

# પરમ ઉપાસક સિદ્ધરાજ જયસિંહ દ્વારા આસોડામાં બનાવેલ મંદિરમાં શિવજીએ પ્રથમ વાસ કર્યો, અહીં ઉપાસના કરનારને સિદ્ધિ પ્રાપ્ત થશે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



જીંદગીના અમુક સત્ય ને સ્વીકારી ને ચાલવામાં આવે તો લગભગ બહુ વાંધો નથી આવતો! એક વિધિના વિધાન ને ટાળી શકાતું નથી, અને સમયની એકધારી ગતિને રોકી શકાતી નથી. જીવનના આ બે મહત્વના સત્ય છે, એ હરક્ષણ પ્રતિપાદિત થઈ રહ્યું છે, પણ જાણવા છતાં આપણે સહજતાથી સ્વીકારી શકતાં નથી એને પરિણામે જીવનની સમસ્યા વધુ સતાવે છે. દર વખત જેમ આ વખતે પણ શ્રાવણ ના દિવસો ખૂટવાની કગાર પર આગળ વધી રહ્યા છે અને શંકર શિવાલય છોડી વળી પાછા કૈલાસ પહોંચી જશે, એ વિચારે ગમગીની છવાઈ જાય છે. પરંતુ અત્યારે તો શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી રહ્યાં છે, લોકો પોતાની શ્રદ્ધા જુદી જુદી રીતે જતાવી રહ્યાં છે. શંકરને મન સૌ કોઈ સરખા જ, પરંતુ રાય આવે તે એની રીતે આરાધના કરે, અને રંક ફક્ત ત્રણ પાનવાળું બીલીપત્ર ચઢાવે, તો પણ બંને તેની નજરમાં સરખાં જ છે. આપણી વ્યક્તિને અવિચળ રાખનારા ભોલેનાથ મહાદેવનું જ્યાં બેઠાં હોઈએ ત્યાં આગળ સ્મરણ કરવાથી થી તે પ્રસન્ન થાય છે, અને આપણા ભવભવની આશાને પૂરી કરે છે. ગુજરાત પંથકમાં અને એમાં પણ મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં તો ખૂબ જ શિવાલય આવેલા છે. પરંતુ મહેસાણા જિલ્લો પ્રમાણમાં સુકો કહી શકાય, છતાં ત્યાં આગળ બાર જ્યોતિર્લીંગના દર્શન કર્યા હોય, તેટલું પુણ્ય આપનાર મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકાના આસોડા ગામ નજીક જશમલ નાથજી નું શિવાલય આવેલું છે, એને વિષે આજે આપણે વાત કરીશું.

ઉત્તર ગુજરાતમાં પૌરાણિક મંદિરો અને સુપ્રસિદ્ધ મંદિરોમાંનું એક સ્થાનક હોય તો તે છે વિજાપુર તાલુકાના આસોડા ગામનું ૧૨૦૦ વર્ષથી પણ પ્રાચીન જશમલ નાથજી મહાદેવનું શિવ પંચાયત મંદિર. આ પ્રાચીન મંદિરના દર્શનથી ૧૨ જ્યોર્તિલિંગનું પુણ્ય મળતું હોવાની માન્યતા છે. અહીં દેવાધિદેવ મહાદેવ અન્ય ચાર દેવો સાથે બિરાજમાન છે. તેથી તેને શિવ પંચાયત મંદિર પણ કહેવાય છે .

ભારત દેશમાં અનેક પ્રાચીન મંદિરો અને રમણીય કલાકૃતિઓની મંત્રમુગ્ધ શૈલી સમગ્ર વિશ્વમાં આગવું સ્થાન ધરાવે છે. ભારતમાં અનેક શિલ્પ કલાના બેનમુન પૌરાણિક મંદિરો આવેલા છે, જેની ભવ્યતા દેશની આવનારી પેઢી માટે અમૂલ્ય વારસો છે . જેમાં ઉત્તર ગુજરાતમાં રાણકી વાવ , મોઢેરાનું સૂર્ય મંદિર અને ઐતિહાસિક નગરી વડનગરની સમગ્ર વિશ્વમાં ખ્યાતનામ છે. બસ આવુ જ એક ૧૨૦૦ વર્ષ પ્રાચીન સોલંકી કાળનું શિવ મંદિર એટલે વિજાપુર તાલુકાના આસોડા ગામનું જશમલ નાથજી મંદિર , રામાયણ તેમજ મહાભારતકાલના પાત્રોનું કંડારકામ આ શિવાલય વિજાપુર તાલુકાના કુકરવાડા પાસે આસોડા ગામમાં આવેલું છે, અને ત્યાં દેવાધિદેવ મહાદેવ બિરાજમાન છે. આ મંદિર સોલંકી કાળમાં પાટણના રાજવી સિધ્ધરાજ જયસિંહએ બંધાવ્યું હતું. તદ્દન મોઢેરા સૂર્ય મંદિર જેવી જ આબેહૂબ કોતરણી આ મંદિરની શોભામાં અભિવૃદ્ધિ કરી રહી છે. અહીં મંદિરના બાંધકામમાં રામાયણ તેમજ મહાભારતકાલના પાત્રો કંડારાયેલા છે, અને સંપૂર્ણ વાસ્તુ શાસ્ત્ર આધીન મંદિરનું સુંદર નિર્માણ કરાયું છે. અહીં પથ્થરની કોતરણી સાથેના મંદિરમાં બિરાજમાન ભગવાન શિવજી અદભુત અને અલૌકિક છે, જેને જશમલ નાથજી મહાદેવ તરીકે ભક્તો પુકારે છે .

આ મંદિરમાં અખંડ જ્યોત પ્રજ્વલિત છે. પવિત્ર શ્રાવણ માસમાં દર્શનાર્થે શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટે છે. અહી મંદિરમાં શ્રવણ માસની અમાસનાં દિવસે શિવ ભગવાનની વિશેષ પૂજા થાય છે . પ્રથમ સોમવારે મંદિરના પ્રાંગણમાં ભાતીગળ મેળો ભરાય છે. આ પૌરાણિક મંદિરમાં સિદ્ધરાજ જયસિંહ વખતથી શ્રાવણ માસના અમાસના દિવસે ૧૦૦૮ કમળ પૂજા થાય છે . ઉત્તર ગુજરાતમાં એકમાત્ર એવું મંદિર છે કે જ્યાં કમળ પૂજા કરવામાં આવે છે, તે યજ્ઞ જોવાલાયક હોય છે .

પાટણના રાજપૂત રાજા સિધરાજ સોલંકીના રાજ્ય શાસન કાળમાં તે ધર્મપ્રેમી રાજા હોવાને લઈ ધર્મની ધજા , તેના રાજ્યમાં ફરકે તે માટે પથ્થરો ઉપર કોતરણીવાળા અદભુત શિવ મંદિરો બંધાવ્યા હતા . લોકવાયકા મુજબ પાટણના રાજા સિદ્ધરાજને શ્રાવણ માસના પ્રથમ રાત્રિના સમયે ભગવાન શિવનું સ્વપ્ન આવેલું અને શિવજીએ તેમને કહ્યું કે મારું સ્વયંભૂ શિવલિંગ ૨૫ માઈલ દૂર છે, અને પછી ત્યાં એક મંદિરનું નિર્માણ કરવાનું આયોજન શરૂ કરાયું. જેને લઈ રાજાએ કહેલા અંતર પ્રમાણે હાલના આસોડા ગામે શિવ મંદિર બનાવવાની તૈયારીઓ કરીને શિવ મંદિરનું નિર્માણ કરાવ્યું. પાટણ જવા માટેનો એક ગુપ્ત માર્ગ ત્યારે શિવજીએ ફરીથી બીજા દિવસે સપનામાં આવી કહ્યું કે, મારી જગ્યાએ તે મંદિર બનાવ્યું નથી. તેમ કહેતાં રાજા મંત્રી મંડળ સાથે તપાસ કરતા અંતરમાં ફેરફાર જણાયો હતો. પણ તે સમયે મંદિર બનાવવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવાથી, રાજાએ ફરી આદેશ કર્યો કે આ મંદિર છોડી દો, અને અન્ય માપ પ્રમાણે બનાવો તેવું કહેતા આ ગામનું નામ "આસોડા" ગામ નામ પડ્યું. ત્યારબાદ બાજુના ગામ સોખડામાં પણ ભગવાન શિવના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

પોતાના પરમ ભક્ત અને ઉપાસક એવા સિદ્ધરાજ જયસિંહ દ્વારા આસોડામાં બનાવેલ મંદિરમાં શિવજીએ પ્રથમ વાસ કર્યો, અને કહ્યું કે અહીં આસોડામાં આવેલા શિવમંદિરમાં મારી આરાધના, એટલે કે શિવની આરાધના ત્રણ દિવસ સુધી કરે , તેને સિદ્ધિ પ્રાપ્ત થશે, તેવી લોકવાયકા પણ છે. અહીં બનાવવામાં આવેલા ૧૨૦૦ વર્ષ પૌરાણીક મંદિરમાં પાટણ જવા માટેનો એક ગુપ્ત માર્ગ બનાવવામાં આવ્યો છે, જે અહીંથી સીધો પાટણ નીકળતો હોવાની માન્યતા છે. કાળક્રમે આ મંદિર જીર્ણ થતા ગાયકવાડ સરકારે જીણોદ્ધાર કરાવ્યો હતો . અને આ મંદિરની પૂજા કરવા માટે તપોધન બ્રાહ્મણને સેવા આપવામાં આવી હતી. આ મંદિરના નિર્માણ માટે ગામના દરેક સમાજ હાલમાં સહભાગી રહ્યો છે . અત્યારે મંદિર પુરાતત્વ વિભાગની દેખરેખ નીચે છે.

શિવાલય ગમે ત્યાં હોય પણ પરંતુ તેની સાથે કોઇ ને કોઇ દંતકથા જોડાયેલી છે, એ બતાવે છે કે સદીઓથી જીવ શિવની આરાધના કરે છે, અને ભગવાન શંકર તેને સમયે આવી મદદ કરે છે. રાજા જેવા રાજાને પણ શિવના આદેશને માનવો પડે છે, કારણ કે તે દેવાધિદેવ મહાદેવ સ્વભાવે અત્યંત ભોળા છે. પરંતુ મહાદેવ સર્જન અને સંહારના બંનેના અધિષ્ઠાતા દેવ છે, એટલે પળવારમાં જ્યાં હરીભરી સૃષ્ટિ હોય ત્યાં જળનું નિર્માણ કરી શકે છે, એટલે કે સ્થળ ત્યાં જળ,ને જળ ત્યાં સ્થળ કરી શકે તે જ મહાદેવ છે. આપ ણે તો તેની ભૃકુટિ વિલાસ માત્રથી કંપી જઈએ, એવા તુચ્છ અને પામર જીવ છીએ. સંસારી અને અતિ ભોગી એવા જીવ માટે તો માત્ર ને માત્ર તેનું સ્મરણ રહે એ જ જરૂરી છે.તો બોલો ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, ઓમ નમઃ શિવાય, હર હર મહાદેવ, હર હર મહાદેવ,હર હર મહાદેવ.

### ફાયદો શુ છે : બ્લડપ્રેશરને કાબુમાં પણ રાખવામાં પણ ભૂમિકા છે...

# કેળા સ્ટ્રોકના ખતરાથી દુર રાખે છે

કોઈ પણ પ્રકારની બિમારીમાં તબીબો મોટા ભાગે ફળફળાદીનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની સલાહ આપે છે. ફળફળાદીમાં શરીર માટે જરૂરી તમામ પ્રકારના પૌષક તત્વો રહેલા હોય છે જે શરીરને ફિટ અને સ્લીમ રાખવામાં ઉપયોગી સાબિત થાય છે. કેળા પણ આવી જ રીતે ઉપયોગી સાબિત થાય છે. નિયમિત રીતે કેળાનો ઉપયોગ કરનાર લોકોમાં કેટલીક બિમારીનો ખતરો પહેલાથી જ ઘટી જાય છે. ખાસ કરીને સ્ટ્રોકનો ખતરો બિલકુલ ઓછો થઈ જાય છે. હાલમાં જ અમેરિકા અને ઈટાલિયન સંશોધકોએ નવા અભ્યાસમાં જણાવ્યું છે કે દરરોજ કેળા ખાનાર લોકોમાં સ્ટ્રોકનો ખતરો ખૂબ જ ઘટી જાય છે. આ અભ્યાસના તારણો રજુ કરતીવેળા ઘણ તારણો પણ આપવામાં આવ્યા છે. કેળામાં ઘણા એવા પોષક તત્વો રહેલા છે જે સ્ટ્રોકના ખતરાને ઘટાડવામાં ચાવીરૂપ ભુમિકા ભજવે છે. બ્રિટીશ અને ઈટાલિયન સંશોધકોએ અભ્યાસના તારણો રજૂ કરતીવેળા જણાવ્યું છે કે દિવસમાં ત્રણ કેળા ખાવાથી ખૂબ જ ફાયદો થાય છે. આનાથી સ્ટ્રોકનો ખતરો અને અન્ય રોગની તકો પણ ઘટી જાય છે. અભ્યાસમાં જણાવ્યું છે કે બ્રેકફાસ્ટમાં એક, બપોરે જમતી વેળા એક, અને સાંજે પણ એક કેળુ ખાવાથી પુરતા પ્રમાણમાં પોટેશિયમ મળે છે. જે બ્રેનમાં લોહીના જથ્થાની તકોને ઘટાડી દે છે. આ તકોને પોટેશિયમ ૨૧ ટકા સુધી ઘટાડી દે છે. તારણમાં જણાવવામાં આવ્યું છે કે અન્ય પોટેશિયમ ધરાવતી ચીજ વસ્તુઓ ખાવાથી સ્ટ્રોકના ખતરાને અભૂતપૂર્વ રીતે ઘટાડી શકાય છે. દૂધ, ફીશ અને અન્ય ચીજ વસ્તુઓમાં મોટા પ્રમાણમાં પોટેશિયમ છે. કેટલાક અગાઉના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેળા બ્લડપ્રેશરને કંટ્રોલ કરવામાં અને સ્ટ્રોકને રોકવામાં મદદરૂપ થાય છે. પરિણામો ખૂબ જ સારા મળ્યા છે. નવેસરના અભ્યાસમાં વૈજ્ઞાનિકોએ ઘણી એવી બાબતો રજુ કરી છે. જે પ્રથમ વખત સપાટી ઉપર આવી છે. વૈજ્ઞાનિકોએ જુદા જુદા ૧૧ અભ્યાસમાંથી ડેટા લઈ લીધા હતા. છેક ૬૦ના દશકના આંકડા પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. એકંદરે પરિણામ કરતીવેળા તમામ અભ્યાસના તારણો પણ ધ્યાનમાં લેવાયા હતા. આમા જાણવા મળ્યું કે ૧૬૦૦ એનર્જીની આસપાસ દરરોજ પોટેશિયમનો ઉપયોગ કરવાથી ઘણો



ફાયદો મળે છે. આનાથી સ્ટ્રોકનો હુમલો ઘટી જાય છે. સરેરાશ કેળામાં ૫૦૦ મિલિગ્રામ પોટેશિયમનું પ્રમાણ હયો છે. જે બ્લડપ્રેસરને ઘટાડવામાં મદદરૂપ થાય છે. સાથે સાથે શરીરમાં ફલુઈડના સંતુલનને નિયંત્રણમાં રાખે છે.

ખૂબ ઓછા પ્રમાણમાં પોટેશિયમ હૃદયના ધબકારાને અનિયમિત બનાવવામાં ભુમિકા ભજવી શકે છે. આનાથી ડાયરિયા થવાનો ખતરો પણ રહે છે. યુનિવર્સિટી ઓફ વાર્વિક અને યુનિવર્સિટી ઓફ નેપલ્સના સંશોધકોએ કહ્યું છે કે પોટેશિયમનો જથ્થો મોટાભાગના દેશમાં દરરોજ જેટલી ભલામણ કરવામાં આવી છે તેનાથી ઓછા પ્રમાણમાં લેવામાં આવે છે. પરંતુ જો લોકો વધુ પ્રમાણમાં પોટેશિયમની ચીજ વસ્તુઓ લેશે તો તેમાં ફાયદો છે. આનાથી સ્ટ્રોકના ગાળાને થતા મોતના આંકડાને ઘટાડી શકે છે. કેટલાક જાણકાર લોકો એમ પણ કહે છે કે તેમાં પુરતા પ્રમાણમાં કેલ્શિયમનુ પ્રમાણ રહે છે. જે હાડકાને મજબુત કરવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. કેળામાં તમામ પ્રકારના પૌષક તત્વો રહેલા છે. દરરોજ ત્રણ કેળાનો ઉપયોગ ફાયદાકારક છે. કેળાના ઉપયોગ મામલે નિષ્ણાંતો સહમત છે.

# ઓછી નીંદ બ્લડપ્રેશર માટે જવાબદાર

નીંદ અમારા માટે કેટલી અને કેમ જરૂરી છે અથવા તો તેનાથી અમારા બ્લડ પ્રેશર પર કોઈ અસર થાય છે કે કેમ તેને લઈને હાલમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. જે વિગત સપાટી પર આવી છે તેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે ઓછી નીંદના કારણે બ્લડ પ્રેશર વધી શકે છે. પુરતા પ્રમાણમાં નીંદને લઈને તો વારંવાર અહેવાલ જારી કરવામાં આવે છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો પણ આના માટેની સલાહ આપે છે. જો કે નીદ અને હાઈ બ્લડ પ્રેશરના સંબંધના મામલે પહેલા કોઈ વાત કરવામાં આવી ન હતી. સાઈકોસોમેટિક મેડિસીન જર્નલમાં પ્રકાશિત કરવામાં આવેલા નવા અભ્યાસ અને રિસર્ચમાં પણ ઓછી નીંદ અથવા તો નીંદની ગુણવત્તાને લઈને કેટલીક વાત કરવામાં આવી છે. નીંદની ગુણવત્તા ખરાબ થવાના કારણે ઉભી થનાર સમસ્યા અંગે વાત કરવામાં આવી છે. જેમાં સ્ટ્રોક, હાર્ટને લગતી તકલીફ અને હાર્ટની બિમારીના કારણે મોત જેવી બાબતોનો સમાવેશ થાય છે. અભ્યાસ મારફતે કહેવામાં આવ્યુ છે કે એવી કેટલીક બિમારી છે જેના સીધા સંબંધ નીંદની સાથે જોડાયેલા છે. નીંદના પ્રમાણને લઈને વારંવાર અભ્યાસના તારણ જારી કરવામાં આવે છે. કેટલીક વખત વિરોધાભાસ પણ રજૂ કરવામાં આવે છે. નીંદના કારણે બ્લડપ્રેશર કઈ રીતે કન્ટ્રોલ થાય છે તેના મામલે તારણ જારી કરવામાં આવ્યાછે. અભ્યાસના ગાળા દરમિયાન ટુકા ટુંકા ગાળામાં બ્લડ પ્રેશરની ચકાસણી કરવામાં આવી હતી. રિસર્ચ મારફતે કહેવામાં આવ્યુ કે એક રાત્રી ગાળા દરમિયાન જ પુરતી નીંદ કઈ રીતે બ્લડ પ્રેશરને અંકુશમાં લે છે. નીંદ અને બ્લડ પ્રેશર વચ્ચે સીધા સંબંધ રહેલા છે. આ જ કારણસર સારી નીંદનુ મહત્વ સમજી લેવામાં આવે તે જરૂરી છે. નીંદની પરેશાનીના કારણે લાંબા સમયથી પરેશાન લોકો માટે પણ કેટલીક બાબતો તરફ ધ્યાન આપવામાં આવ્યુ છે. નીંદના આરોગ્યને સુધારી દેવા માટે સીબીટીઈ થેરાપી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ છે. જે ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા ઓસ્ટ્રેલિયન અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસ દરમિયાન બ્લેક ટી પીનાર લોકોને ઘણા ફાયદા થાય છે. તેમના બ્લડપ્રેશરને આંશિક રીતે ઘટાડવામાં બ્લેક ટી ઉપયોગી સાબિત થાય છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બ્લેક ટીની મજા માણતા લોકોને આરોગ્યની દૃષ્ટિએ પણ ફાયદા થાય છે. અલબત્ત અભ્યાસમાં ચોક્કસ ઘટકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. સંશોધકોએ કહ્યું છે કે બ્લડપ્રેશરમાં બ્લેક ટી ઘટાડો કરે છે. સંશોધકોએ ભૂતકાળમાં કરવામાં આવેલા અભ્યાસને પણ તારણ નક્કી કરતી વેળા ધ્યાનમાં લીધા હતા. ચા જેવા પ્લાન્ટમાં રહેલા તત્વો હાર્ટના આરોગ્ય માટે પણ ઉપયોગી હોવાનું જાણવા મળ્યું છે. યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયાના સંશોધકોના નેતૃત્વમાં એક ટીમે અભ્યાસ બાદ જણાવ્યું છે કે વ્યક્તિગતો માટે તારણો આદર્શ છે. આર્ચિવ ઓફ ઈન્ટરનલ મેડીસીનમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અભ્યાસ કરતી વેળા ૯૫થી વધુ ઓસ્ટ્રેલિયનોને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. સામાન્ય બ્લડપ્રેશર ધરાવતા લોકો અને વધુ બ્લડપ્રેશર ધરાવતા લોકોને અભ્યાસ હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. એ ગ્રૂપને બ્લેક ટી અને અન્ય ગ્રૂપને સરેરાશ ટેસ્ટ સાથે ચા આપવામાં આવી હતી. અભ્યાસની શરૂઆત કરતા પહેલાં બ્લડપ્રેશરની ચકાસણી કરી લેવામાં આવી હતી. ચકાસણી કરવામાં આવ્યા બાદ બે ગ્રૂપના લોકોને વિભાજિત કરી લેવામાં આવ્યા હતા. ૧૨૦/૮૦ એમએમ એચજીથી ઓછા બ્લડપ્રેશર રિડીંગને સામાન્ય તરીકે ગણવામાં આવે છે જ્યારે હાઈ બ્લડપ્રેશર રિડીંગ ૪૦/૯૦ અથવા તો તેનાથી ઉપરનું ગણવામાં આવે છે. સામાન્ય રીતે કહી શકાય છે કે પુરતા પ્રમાણમાં ઉંઘ અથવા તો નીંદ ન લેવાની સ્થિતીમાં અનેક બિમારીને આમંત્રણ મળે છે.

# હિરો મોટોકોર્પએ પ્રિમીયમ મોટરસાયકલ સેગમેન્ટમાં વધારો કર્યો



પ્રિમીયમ સેગમેન્ટમાં ગતિ કેન્દ્રિતતાનો પુનરોર્ચાર કરતા વિશ્વની સૌથી મોટી મોટરસાયકલ્સ અને સ્કુટર્સની ઉત્પાદક હિરો મોટોકોર્પએ આજે જેની લાંબા સમયથી પ્રતીક્ષા હતી તેવી **Karizma XMR** લોન્ચ કરી છે. **Karizma XMR** હિરો મોટોકોર્પની **X**-રેન્જની પ્રિમીયમ પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં અદ્યતન ઉમેરણ છે જેમાં **Xtreme** અને **Xpulse** જેવી મોટરસાયકલનો સમાવેશ થાય છે.

તેના વર્ગમાં નવી **Karizma XMR** અત્યંત શક્તિશાળી મોટરસાયકલ છે જે સૌથી વધુ ટોર્ક ઉત્પન્ન કરે છે. મોટર સાયકલ **210cc** લિક્વીડ કૂલ્ડ **DOHC** એન્જિન, ૬ સ્પીડ ટ્રાન્સમિશનથી સજ્જ છે જે સ્લિપ અને આસિસ્ટ ક્લચ અને ડ્યૂઅલ ચેનલ **ABS** – પર્પઝ સાથે આવે છે જે સ્પોર્ટ્સ સેગમેન્ટને પુનઃવ્યાખ્યાયિત કરતી સંપૂર્ણ સવારી માટે તૈયાર કરવામાં આવ્યા છે. આજના ગ્રાહકો એડવાન્સ્ડ ટેકનોલોજીની ઈચ્છા રાખે છે.

# ગુજરાત સાયન્સ સિટીમાં વ્હેલ શાર્ક દિવસની ઉજવણી કરવામાં આવી

। અમદાવાદ, તા.૩૧ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીમાં આંતરરાષ્ટ્રીય વ્હેલ શાર્ક દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં અલગ-અલગ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓને વ્હેલ શાર્કના સંરક્ષણના પ્રયાસો દર્શાવતી ફિલ્મ બતાવવામાં આવી. આ ઉપરાંત શ્રી દેવેન મહેતા, પ્રોગ્રામ ઓફિસર ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા વિદ્યાર્થીઓને વ્હેલ શાર્ક વિશે ઉંડાણપુર્વક માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ.



આ કાર્યક્રમમાં એમ.જી.સાયન્સ કોલેજ, ગાંધીનગર સાયન્સ કોલેજ, મણીનગર સાયન્સ કોલેજ અને એફ. ડી. વુમન સાયન્સ કોલેજના આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સાથે વિદ્યાર્થીઓએ સરકાર શ્રીના મિશન લાઈફ કાર્યક્રમ વિશે પણ જાણકારી મેળવી હતી.

ગુજરાત સાયન્સ સિટી અવિરતપણે આવા વિજ્ઞાનના પ્રચાર અને પ્રસારના કાર્યક્રમો કરતી રહે છે.

# બધાથી પર, સહજ છે એ સંન્યાસ છે વિચારભેદ હોય, વિવેકભેદ ન હોવો જોઇએ

## ઓશો આશ્રમમાં હનુમંત મૂર્તિની સ્થાપના થઇ



છઠ્ઠા દિવસની સંવાદ યાત્રામાં એક પ્રશ્ન હતો કે લગ્ન પહેલા અભક્ષ આહાર કર્યો અને ખૂબ દૂર્વિચાર આવે છે. બાપુએ કહ્યું કે નવધા ભક્તિમાં છેલ્લી ભક્તિ આત્મનિવેદન છે.ભૂલ કોણ નથી કરતું? પણ આપે આત્માનિવેદન કર્યું છે,હવે ભૂલી જાઓ! બાપુએ માછીમારના ટંડેલ પ રિવાર વિશેની વાત કરી અને પાંડુરંગ દાદાને યાદ કરતા કહ્યું કે ૬૫થી વધારે વર્ષોથી હું પણ જ્ઞાનફેરી,ભક્તિફેરી કર્મફેરી કરી રહ્યો છું. વિચારભેદ હોય વિવેકભેદ ના હોવો જોઈએ. દરેક વિચારો સાથે સહમતિ ન પણ હોય પણ વિવેક ક્યારેય પડવો ન જોઈએ. માછીમારોને સ્વાધ્યાય પ્રવૃત્તિ શીખવાડી અને દાદાએ કહેલું કે આ તમારા પાપનું નહીં તમારા બાપનો ધંધો છે, માટે ગીતાને પકડી રાખજો.બાપુએ જણાવ્યું કે હું તમારા કર્મનું ફળ ખાવા આવ્યો છું.

શંકરાચાર્યજીએ લખ્યું: ચિંતનીય-અચિંતનીય, વચનીય,કથનીય અકથનીય કૃત્ય અને અકૃત્ય બધાથી બહાર હોય એ સહજ સંન્યાસ છે. જે સહજ હોય છે એ પોતે નથી કરતો પણ એની પાસે કોઈક કરાવે છે, કોઈ બોલાવે છે, કોઈ નચાવે છે.

એક રાજા એવી જગ્યાએ જવા માંગતો હતો જ્યાં આનંદ અને આનંદ જ મળે.નદીના કિનારે ગયો પૂછ્યું તો સામે કિનારે રહેનારા બધા ખૂબ જ બેઈમાન માણસો છે એવું સાંભળ્યું.એ કિનારે ગયો તો એની સામેના કિનારે પણ એ જ વાત કરી. દરેકને પોતાનું સત્ય સત્ય લાગે બીજાનું સત્ય અસત્ય લાગતું હતું.

સત્ય અને અસત્ય સાથે ફરવા નીકળ્યા.નદીના શીતળ જળને જોઈ અને નાહવાનું વિચાર્યું. કિનારા ઉપર કપડાં મૂકી અને નાહવા પડ્યા.અસત્ય જૂઠ તરત નાહીને સત્યના કપડા પહેરી અને નીકળી ગયું પરંતુ સત્ય બહાર ન આવ્યું. તેણે કહ્યું કે અંદર ડૂબી જાઈશ પણ અસત્યના કપડાં પહેરીને ક્યારેય નહીં નીકળું.જૂઠનાં કપડા નહીં પહેરું. આપણા ચાર આચાર્યોના ગ્રંથો ભાષ્ય બ્રહ્મસૂત્ર વગેરે પરના ભાષ્ય જુઓ તો લાગે કે વિચારભેદ છે કારણ કે દ્વૈત,અદ્વૈત,વિશિષ્ટ દ્વૈત,દ્વૈતાદ્વૈત પરંતુ કોઈ આચાર્યમાં વિવેક ભેદ નથી. વિચારભેદ હોવો જ જોઈએ દરેકને પોતપોતાની નીજતા હોવી જોઈએ. માત્ર સાધુ શબ્દથી યજ્ઞ તપ દાન અને જપનું ફળ મળે છે એવું બ્રાહ્મણોને વેદ કહે છે.પાબ્લો નેરૂદાએ જલપરીની કથા લખી જે સમાજમાં આવી અને આવો ખરાબ સમાજ હોઇ,જોઇને ફરી પાછી જળમાં ચાલી જાય છે.

# કોટકનું સંકલ્પ બચત ખાતુ ગ્રામિણ અને અર્ધ શહેરી ગ્રાહકોની રોકડ આધારિત બેન્કિંગ જરૂરિયાતોને ઉકેલે છે

। મુંબઈ, તા.૩૧ ।

ગ્રામિણ અને શહેરી ગ્રાહકોની રોકડ આધારિત બેક્કિંગ જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરતા કોટક મહિન્દ્રા બેક્ક લિમીટેડ (**“KMBL”/”Kotak”**) એ સંકલ્પ બચત ખાતુની ઘોષણા કરી છે જે અસંખ્ય સેવાઓ આપે છે જેમાં રોકડ જમા કરાવવા પર નીલ ચાર્જીસથી લઈને વાર્ષિક રૂ. ૨૪ લાખના ઉપાડ સુધીની અને પ્રત્યેક ક્વાર્ટરમાં રૂ. ૨૫૦૦નું લઘુત્તમ બેલેન્સ જાળવવા સુધીનો સમાવેશ થાય છે. વધુમાં, સંકલ્પ આ માર્કેટના ગ્રાહકો માટે સોનું, ટુ-વ્હીલર અને ટ્રેક્ટર લોન્સ પર પણ ખાસ કિંમતો પ્રદાન કરે છે.

સંકલ્પ બચત ખાતાને કૃષિ અને ખેતી ઉપરાંતની આવક ધરાવતા ઉભરી રહેલા ગ્રાહકોના જૂથને સંતોષવાના દેશથી લોન્ચ કરવામાં આવ્યુ છે. બેક્કિંગ સર્વિસીઝ ઉપરાંત, નવુ બચત ખાતુ વિનામૂલ્યે ટોક ટાઈમ અને પેશોપમોર ડેબિટ કાર્ડ પણ ગ્રામિણ અને અર્ધ શહેરી ગ્રાહકોની વિકસતી બેક્કિંગ જરૂરિયાતો પ્રદાન કરે છે. કોટર મહિન્દ્રા બેક્કના ડીસ્ટ્રીબ્યૂશન, રિટેલ લાયેબિલીટીના પ્રેસિડન્ટ અને વડા પુનીત કપૂરએ જણાવ્યું હતુ કે, “લોકો જ્યારે ઈન્ટરનેટનો વધુને વધુ ઉપયોગ કરી રહ્યા છે અને મહાનગરો સિવાયના શહેરોમાં આવક પરિમાણોમાં ફેરફાર થયો હોવાતી ગ્રાહકો રોકડ આધારિત અને ઊંચા રોકડ ઉપાડ અને લોન લેવામાં હળવાશ રહે તે માટે ઉત્તમ બેક્કિંગ સેવાઓની ખેવના સેવતા થયા છે. સંકલ્પ બચત ખાતુ આકર્ષક મૂલ્ય આધારિત સેવાઓ જે આવા ગ્રાહકોના સમૂહ માટે તૈયાર કરવામાં આવી છે તેમને સુગમ બેક્કિંગ પૂરું પાડે છે.’’

# ઝી ટીવીના સા રે ગા મા પાની એક આકર્ષક નવી સિઝનમાં પ્રતિભાઓની ખૂબ જ આશાસ્પદ બેચ માટે માર્ગદર્શક બનશે

। મુંબઈ, તા.૩૧ ।

ગત વર્ષે આગામી સિઝનની સફળતા બાદ, ઝી ટીવીનો જાણિતો ગાયકી આધારીત રિયાલિટી શો, સા રે ગા મા પાએ તેની નવી આકર્ષક સિઝન સાથે પરત આવી રહ્યો છે, જેમાં હિમેશ રેશમિયા, નીતિ મોહન, અનુ મલિક જજ તરીકે અને આદિત્ય નારાયણ હોસ્ટ તરીકે જોવા મળશે. ૨૬મી ઓગસ્ટના યોજાનારા પ્રિમિયરની આ નવી સિઝનમાં એક નવા ફોર્મેટમાં જ જોવા મળશે, જે પૂરી રમત જ બદલી નાખશે, જેમાં જજ દ્વારા તેમના સાથીદારોમાંથી કોઈને એક ચોક્કસ શૈલીમાં અદભુત એક્ટ પર સ્વયંસ્ફૂરિત પડકાર ફેંકવામાં આવશે. સાપ્તાહિક રાઉન્ડના સેટથી બધા જાણકાર જ છે, આ પડકારને પણ થોડો બદલવામાં આવ્યો છે, સ્પર્ધકો વચ્ચે સ્પર્ધાને વધુ સારી બનાવવા માટે દરેક એપિસોડમાં તેના દર્શકો માટે એક નવું સરપ્રાઈઝ



હશે! બે મહિના પહેલા સા રે ગા મા પાએ ‘ઓજી’ અવાજ માટે સમગ્ર દેશમાં રાષ્ટ્રવ્યાપી ખોજની જાહેરાત કરી હતી.

પહેલી વખત ઓડિશન પ્રક્રિયા કાગળના ઉપયોગ વગર કરવામાં આવી- જેનાથી ડિઝીટલાઈઝેશનને વેગ મળ્યો અને પર્યાવરણ પ્રત્યે ચેનલની જવાબદારી સમજીને પ્રયત્ન આગળ વધારતા ઓન-ગ્રાઉન્ડ તબક્કામાં પણ નહિવત્ કાગળનો ઉપયોગ થયો હતો. શ્રેષ્ઠ પ્રતિભાને શોધવામાં કોઈ કચાશ બાકી ન રાખતા, ક્રિએટિવ ટીમએ કોઈપણ વ્યક્તિ દ્વારા સૂચનને આવકારીને પ્રતિભા રાઉન્ડમાં આવકાર્યા હતા.

# સા રે ગા મા પાની જજ નીતિ મોહનની સાથે તેના સંબંધ વિશે આદિત્ય નારાયણ શું કહે છે આ રહ્યું...

। મુંબઈ, તા.૩૧ ।

ગત વર્ષે આગામી સિઝનની સફળતા બાદ, ઝી ટીવીનો જાણિતો ગાયકી આધારીત રિયાલિટી શો, સા રે ગા મા પ ાએ ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૩ પાછો ફરી રહ્યો છે, જેમાં હિમેશ રેશમિયા, નીતિ મોહન, અનુ મલિક જજ તરીકે અને આદિત્ય નારાયણ હોસ્ટ તરીકે જોવા મળશે. શોની શરૂઆત સુમધુર રીતે થઈ છે અને સમગ્ર દેશના સ્પર્ધકો સા રે ગા મા પા ૨૦૨૩ના ટોચના ૧૨માં તેનું સ્થાન મેળવવા માટે ઓડિશન આપી રહ્યા છે, તેમાંથી કેટલાકે તો, તેમના અલગ અવાજ અને ગાયકી પ્રત્યેના જુસ્સાથી નિર્ણાયકોને મોહિત કર્યા છે.

હકિકતે તો, બધાની વચ્ચે સ્પર્ધા છતા પણ સહાનુભૂતિ જોઈને આદિત્ય નારાયણે પણ એ જાહેર કર્યુ કે, આટલી હરિફાઈયુક્ત સંગીત ઉદ્યોગમાં હોવા છતા પણ તે બધા જજની



સાથે એક ખાસ સંબંધ ધરાવે છે. તે નીતિ મોહનથી નજીક નથી પણ તેમની મિત્રતાએ તેમના બાળકોમાં પણ આવી છે, તેઓ પણ એકબીજાના ખાસ મિત્રો બની ગયા છે અને એકબીજા સાથે ખૂબ રમે છે!

આદિત્ય નારાયણ કહે છે, “હું અત્યાર સુધી જેટલા પણ લોકોને મળ્યો છું તેમાંથી નીતિ સૌથી સારી છે અને અમે ભૂતકાળમાં પણ ઘણી વખત સાથે કામ કર્યુ છે. અમે એ.આર. રહેમાનની સાથે ઘણા પ્રવાસ કર્યા છે, તો અમે એકબીજાને મળતા પણ રહીએ છીએ. નીતિ અને મારી પત્નિ પણ ખૂબ જ સારી મિત્ર છે અને તેઓ એકબીજાની સાથે ‘મમ્મી’ સંબંધિત ચર્ચા પણ કરે છે.

BOLLYWOOD NEWS FLASH

# અલ્લુ અર્જુને પુષ્પા ધ રૂલ સેટ સહિત ઇન્સ્ટાગ્રામ પર ઘરની પણ કરાવી ટૂર

## અભિનેતાએ વીડિયોની શરૂઆત એમ કહીને કરી હતી કે, તેમને આજે શૂટિંગ સેટ પર લઈ જતા પહેલા તમારા ઘરની ટૂર કરાવીશ

। મુંબઈ, તા.૩૧ ।

અલ્લુ અર્જુને પોતાનો દિવસ ઈન્સ્ટાગ્રામ પર વિતાવ્યો. આ દરમિયાન તેણે હૈદરાબાદમાં તેના આલીશાન બંગલાથી લઈને પુષ્પા ધ રૂલના શૂટિંગ સેટ સુધીની ઝલક બતાવી હતી. અભિનેતાએ વીડિયોની શરૂઆત એમ કહીને કરી હતી કે, તેમને આજે શૂટિંગ સેટ પર લઈ જતા પહેલા તમારા ઘરની ટૂર કરાવીશ. અલ્લુ અર્જુનની ફિલ્મ પુષ્પા ધ રૂલની રિલીઝની રાહ જોઈ રહેલા લોકોને અભિનેતાએ થોડી રાહત આપી છે. અલ્લુ અર્જુને પોતે ફિલ્મનો શૂટિંગ સેટ બતાવ્યો હતો. જ્યાં તે પુષ્પાના લુકમાં ફુલ ઓન એક્શન કરતો જોવા મળ્યો હતો.પુષ્પા ૨ નું શૂટિંગ રામોજી ફિલ્મ સિટીમાં ચાલી રહ્યું છે. અલ્લુ અર્જુને તેની દિવસની દિનચર્યા ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. જેમાં તેણે સવારે યોગથી લઈને પુષ્પા ૨ના શૂટિંગ સુધીની તેની આખા દિવસની સફર બતાવી હતી. અલ્લુ અર્જુને વીડિયોમાં સૌપ્રથમ હૈદરાબાદમાં ઈન્સ્ટાગ્રામ પર ફેન્સનું સ્વાગત કર્યું હતું. આ પછી તેણે કહ્યું કે તે તેને શૂટિંગ સેટ પર લઈ જતા પહેલા તેના ઘરની ટૂર કરાવશે. અલ્લુ અર્જુન વીડિયોમાં જોઈ શકાય છે કે, તેમના ઘરમાં ટ્રોફી સજાવેલી છે. આ પછી અભિનેતા તેના સુંદર બગીચામાં યોગ કરતો જોવા મળ્યો હતો. સવારની સારી શરૂઆત કર્યા પછી, તે શૂટિંગ સેટ તરફ ગયો.





# મમતા બેનર્જીએ અમિતાભ બચ્ચનને રાખડી બાંધી

। મુંબઈ, તા.૩૧ ।

રક્ષાબંધનના દિવસે બહેન ભાઈને રાખડી બાંધી છે અને બહેનને ગિફ્ટ આપે છે. આ તહેવાર દરેક ભાઈ-બહેન માટે ખાસ હોય છે. આજે દેશભરમાં રક્ષાબંધનનો તહેવાર હર્ષોલ્લાસની સાથે મનાવામાં આવી રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી કોંગ્રેસ પ્રમુખ મમતા બેનર્જી ગત રોજ મુંબઈ પહોંચ્યા હતા. મુંબઈ પહોંચતા જ મમતા બેનર્જી અભિનેતા અમિતાભ બચ્ચન સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતની તસ્વીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને ટીએમસી કોંગ્રેસ પ્રમુખ મમતા બેનર્જીએ અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, અભિષેક, ઐશ્વર્યા અને આરાધ્યા સાથે મુલાકાત કરી હતી. મુંબઈમાં અમિતાભ બચ્ચનના જલસા બંગલો પર પહોંચ્યા બાદ જયા બચ્ચન, અભિષેક બચ્ચન, ઐશ્વર્યા રાય બચ્ચન અને આરાધ્યા બચ્ચને મમતા બેનર્જીનું સ્વાગત કર્યું હતું. આ ખાસ દિવસ પર મમતા બેનર્જીએ અમિતાભ બચ્ચનને રાખડી બાંધી હતી. ઈંડિયા અઘાડીની બેઠક માટે વિપક્ષના દિગ્ગજ નેતા મમતા બેનર્જી મુંબઈ પહોંચી ચુક્યા છે. પણ સૌથી પહેલા તેમણે અમિતાભ બચ્ચન સાથે મુલાકાત કરી હતી. આ ઉપરાંત મમતા બેનર્જીએ માતોશ્રીમાં જઈને ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી.





# સની-બોબી અને તે એકબીજાનું ખૂબ જ સન્માન કરે છે : ઈશા

## સની અને બોબી ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશ કૌરના પુત્રો છે, ઈશા અને અહાના બીજી પત્ની હેમા માલિનીની પુત્રીઓ છે

। મુંબઈ, તા.૩૧ ।

આજે ભાઈ-બહેનના પર્વ રક્ષાબંધનની ઉજવણી થઈ રહી છે. આ દિવસે બહેન ભાઈને રાખડી બાંધીને રક્ષાનું વચન લે છે. આ તહેવાર બધા લોકો ભાવભેર ઉજવે છે. બોલિવુડમાં પણ રક્ષાબંધનની ઉજવણી થાય છે. સારા અલી ખાન - ઈબ્રાહિમ અલી ખાનથી લઈ અર્જુન કપૂર-અંશુલા કપૂર સહિતના સ્ટાર કીડ્સ આ તહેવારની ઉજવણી કરે છે. ત્યારે ઈશા દેઓલે પણ સની અને બોબી દેઓલ સાથે બોન્ડિંગ અંગે વાત કરી છે. તેણે કહ્યું છે કે, સની-બોબી અને તે એકબીજાનું ખૂબ જ સન્માન કરે છે. વર્તમાન સમયે ગદર-૨ ખૂબ જ સફળ જઈ રહી છે. બોક્સ ઓફિસ પર તે રેકોર્ડ તોડી રહી છે. ત્યારે તાજેતરમાં ઈશા દેઓલે ગદર-૨ની સ્ક્રીનિંગ રાખી હતી. જેમાં સની દેઓલ, બોબી દેઓલ તેમજ તેની બહેન અહાના દેઓલ પણ સામેલ થઈ હતી. સની અને બોબી ધર્મેન્દ્રની પહેલી પત્ની પ્રકાશ કૌરના પુત્રો છે. ઈશા અને અહાના બીજી પત્ની હેમા માલિનીની પુત્રીઓ છે. આ રીતે એશા દેઓલ અને અહાના દેઓલ સનીની સાવકી બહેનો છે. જેથી દેઓલ પરિવારના સભ્યો વચ્ચેના સંબંધો ઘણી વાતો વહેતી રહે છે. ત્યારે રક્ષાબંધન પહેલા ઈશા દેઓલે પોતાના અને સની-બોબીના બોન્ડિંગ વિશે વાત કરી છે.

# અભિનેતા ચિન્ની જયંતનો દીકરો આઈએએસ બન્યો

। મુંબઈ, તા.૩૧ ।

ભારતની સૌથી પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક **UPSC** સિવિલ સર્વિસ પરીક્ષા માનવામાં આવે છે. આ પરીક્ષા પાસ કરવા માટે ઉમેદવારોને સઘન તૈયારીની જરૂર હોય છે. ઘણા ઘણા પડકારો છતાં આ લોકો પરીક્ષા પાસ કરવામાં સફળ થાય છે. આવું જ એક ઉદાહરણ છે શ્રુતંજય નારાયણન, જેમણે પિતાની જેમ ફિલ્મી દુનિયામાં સ્થાન ન બનાવીને પોતાનો એક અનોખો જ રસ્તો બનાવ્યો હતો. ચિન્ની જયંત પ્રખ્યાત તમિલ ફિલ્મ સ્ટાર્સમાંના એક છે, જે ૮૦ના દાયકાની રજનીકાંત સ્ટારર ફિલ્મોમાં કોમેડી અભિનય માટે જાણીતા છે. **IAS** ઓફિસર બનવાના તેમના ધ્યેયને પૂર્ણ કરવા માટે શ્રુતંજય નારાયણન દરરોજ ૧૦-૧૨ કલાક અભ્યાસ કરતા હતા અને તેમના અથાક પ્રયત્નોએ ફળ આપ્યું છે. તેમનું નામ **UPSC** ટોપ ૧૦૦ રેંકની યાદીમાં સામેલ કરવામાં આવ્યૂ છે. હાલ તેઓ



તમિલનાડુના તિરુપુરમાં સબ-કલેક્ટર પદ પર કાર્યરત છે. શ્રુતંજય નારાયણને બીજા પ્રયાસમાં **UPSC** પરીક્ષા પાસ કરી અને **UPSC CSE** ૨૦૧૯ માં ૭૫મો રેંક મેળવ્યો હતો, જેનાં પરિણામો ૨૦૨૦ માં જાહેર થયાં હતા. તેઓ તેમના બીજા પ્રયાસ દરમિયાન એક સ્ટાર્ટઅપ પર પણ સાથે સાથે કામ કરી રહ્યા હતા.

# સંજેલી ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલીમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી

। પંકજ પંડિત ઝાલોદ, તા.૩૧ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય વિદ્યાલય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે . સાથે સાથે તાલીમ વર્ગમાં અનાથ અને અપંગ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ તેમજ જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા તાલીમ વર્ગ ખાતે તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થિનીએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. તાલીમ વર્ગ સંજેલીના સંચાલક ડી. એચ. મકવાણાએ રક્ષાબંધન પર્વની સમજ આપી હતી. ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ મોરાના આયોજક અશ્વિનભાઈ સી. સંગાડા અને ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ સુખસરના આયોજક રાજુભાઈ એસ. મકવાણા તમામ વિદ્યાર્થીઓને રક્ષાબંધન પર્વની શુભકામના વ્યક્ત કરી હતી.



## બાળકો અને શિક્ષકો દ્વારા વૃક્ષોને રક્ષા બાંધી વૃક્ષા બંધનની ઉજવણી કરવામાં આવી

# કપડવંજ તાલુકાની નવા બોભા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની અનોખી ઉજવણી

### પ્રકૃતિના જતન માટે છેલ્લા બે વર્ષથી શાળામાં આ નવતર પહેલ શરૂ કરવામાં આવી છે

। નડિયાદ, તા.૩૧ ।

ભાઈ બહેનના પવિત્ર સ્નેહનું પર્વ એટલે રક્ષાબંધન. સમગ્ર દેશમાં રક્ષાબંધનના આ પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવા આવી હતી. પરંતુ કપડવંજ તાલુકાની નવા બોભા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વે બાળકો અને શિક્ષકો દ્વારા વૃક્ષો અને છોડને પ્રકૃતિના જતન માટે રાખડી બાંધી તેમનું રક્ષણ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

પ્રકૃતિને બચાવશું તો આપણે બચશું, પ્રકૃતિએ જીવન છે જે અંતર્ગત બાળકોમાં પ્રકૃતિ જતન અને સંવર્ધનની પ્રેરણા મળે તે માટે બાળકો અત્યારથી જ વૃક્ષોનું જતન કરે અને પ્રકૃતિ જ જીવન છે અને તેનું સાચું મૂલ્ય સમજે તે હેતુથી આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પ્રકૃતિમાં વૃક્ષો, છોડ, પાણી, પશુ, પક્ષીનું જતન કરીએ તો એ આપણું જતન કરશે. હાલના તબક્કે વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે અને પ્રકૃતિ સાથે ચેડા થતાં ઋતુઓમાં ફેરફારથી પૃથ્વી પર અસંતુલન પેદા થતા વ્યાપક નુકસાન ઉપરાંત માનવજાત પર ઘણી આપદાઓ આવે છે. પ્રકૃતિ પર વાર્તાલાપ કરી શિક્ષકો દ્વારા પણ વૃક્ષોના ફાયદા, પ્રકૃતિમાં આવતા વૃક્ષો, પાણી,



પશુ, પક્ષીઓ આપણા જીવનમાં ક્યાં ક્યાં ઉપયોગી છે તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

પ્રકૃતિ આપણા બહુમૂલ્ય જીવન જીવવા માટે દરરોજ હવા પાણી અને ખોરાક આપે છે એ વાત આપણે ભૂલી ગયા છીએ ત્યારે બાળકોમાં આ વાતની પ્રેરણા મળે તે અર્થે પ્રકૃતિનું જતન થાય અને આપણું જીવન તેના પર નિર્ભર છે એ વાતનો ખ્યાલ રહે તેવો વાર્તાલાપ કરવામાં આવ્યો હતો.

પ્રકૃતિ આપણને જીવન જીવવા માટે તમામ સંસાધનો પૂરા પાડે છે,બાળકો અને શિક્ષકોમાં વૃક્ષની રક્ષા કરવાના સંકલ્પ સાથે રાખડી બાંધવાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.પ્રકૃતિના જતન માટે છેલ્લા બે વર્ષથી શાળામાં એક આગવી પહેલ શરૂ કરવામાં આવી છે.

# રાજકોટમાં રસરંગ લોકમેળાના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં થશે પ્રાચીન ગરબા અને અઠંગો રાસની જમાવટ કરશે

### રાસ-ગરબા-ડાયરાની વિસરાતી જતી પરંપરાને ઉજાગર કરતી વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કૃતિઓની કરાશે કલાત્મક પ્રસ્તુતિ

। રાજકોટ, તા.૩૧ ।

રાજકોટ શહેરમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે તા. ૦૫થી ૦૯ સપ્ટેમ્બર સુધી "રસરંગ લોકમેળા"નું આયોજન કરાયું છે. જેના ઉદઘાટન કાર્યક્રમમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેશભાઈ દીહોરાના માર્ગદર્શન હેઠળ રાસ-ગરબા-ડાયરાની વિસરાતી જતી પરંપરાને ઉજાગર કરતી વૈવિધ્યપૂર્ણ નવ સાંસ્કૃતિક કૃતિઓની કલાત્મક પ્રસ્તુતિ કરાશે. જે પૈકી શ્રીવૃંદ ગ્રુપ અર્વાચીન ગરબા અને અઠંગો રાસની જમાવટ કરશે. શ્રીવૃંદ ગ્રુપ ના સંચાલકશ્રી વિરંચીભાઈ બુચ જણાવે છે કે શ્રીવૃંદ ગ્રુપ દ્વારા પ્રસ્તુત થનારા અર્વાચીન ગરબાના શબ્દો છે "નભના ચોકે નવદુર્ગા રમતી હતી રાસ". નવદુર્ગાના ગરબામાં દસ યુવતીઓ માતા દુર્ગાના દસ સ્વરૂપને રજૂ કરશે. આ ગરબાએ ઈન્ટરનેશનલ કલ્ચરલ ફેસ્ટિવલ, કુલુમાં દર્શકોનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. તેમજ "અમે મહિયારાં રે ગોકુળ ગામનાં.." અર્વાચીન ગીત ઉપર અઠંગો રાસને આઠ કલાકાર મહિલાઓ રજૂ કરશે. આ કૃતિ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરીને સમગ્ર દેશમાં પ્રથમ આવી છે. બંને કૃતિ માટે શ્રી પ્રાપ્તિબેન બુચ તથા શ્રી રત્નાબેન છાયા જહેમત ઊઠાવી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ગર્ભદીપ પરથી આવેલો હોવાનું મનાય છે. ભારતીય પ્રાચીન પરંપરામાં ગરબાને માતા આદ્યશક્તિની ભક્તિ સાથે જોડવામાં આવ્યા છે. નવરાત્રિના તહેવાર દરમિયાન ભક્તો કાણાવાળી મટકીમાં જ્યોત પ્રગટાવીને દીવા તરીકે માતાજીનું પૂજન-અર્ચન કરે છે.

# અલ્પેશભાઈ રૂપારેલિયાને બહેને બાંધી રાખડી : ઘણી ખમ્મા મારા વીરને



હુસામુદીન કપાસી

। જસદણ, તા.૩૧ ।

જસદણ નગરપાલિકાના પુર્વ પ્રમુખ પ્રતિનિધિ શ્રી અલ્પેશભાઈ રૂપારેલિયાને એમનાં બહેન નયનાબેન બોદરએ રાખડી બાંધી મારાં વીરને ઘણી ખમ્માની કામના વ્યકત કરી હતી આ અનુસંધાને અલ્પેશભાઈએ બહેનનું મોં મીઠું કરી રાખડીનું રૂણ જીવનભર ચૂકવવાનો પ્રકલ્પ વ્યકત કર્યો હતો.

# સિનિયર સીટીઝન'ની કલાઈ પર રાખી બાંધી, રક્ષણનું વચન આપતી નર્મદા જિલ્લાની 'શી ટીમ'

। રાજપીપળા, તા.૩૧ ।

ભાઈ-બહેનના પવિત્ર બંધન અને પ્રેમના પ્રતિક એવા રક્ષાબંધન પર્વની સમગ્ર દેશમાં આનંદ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી ત્યારે નર્મદા જિલ્લામાં પોલીસની 'શી ટીમ' ની બહેનો દ્વારા રક્ષાબંધન પર્વની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. શી-ટીમ દ્વારા જિલ્લાના તમામ તાલુકાના ગામોમાં જઈને સિનિયર સીટીઝન્સને રાખી બાંધીને તેમના સારા આરોગ્યની કામના સાથે તેમના રક્ષણનું વચન આપ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શી-ટીમ હંમેશા અનેકવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજીને સિનિયર સીટીઝન, મહિલાઓ અને બાળકોને મદદ રૂપ બને છે.



ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ, સ્નેહ અને વિશ્વાસના પ્રતીક સમાન રક્ષાબંધન પર્વની શી ટીમ દ્વારા કરવામાં આવેલી આ અનોખી ઉજવણી સમાજમાં સૌહાર્દની ભાવના કેળવશે અને મહિલાઓ માટે સન્માન વધારશે.



ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકામાં આવેલાં કડાણા ગામે દર વર્ષની જેમ આ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસમાં ઈસ્ટદેવ શ્રી એકલિંગજી મહાદેવના સાનિધ્યમાં બ્રહ્મશ્રીઓ દ્વારા નૂતન યજ્ઞોપવિત બદલવા નો સમૂહમાં મોટો ઉત્સવ રાખવામાં આવેલ હતો જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સહિત જનોઈ બળેવ પ્રસંગે ધારણ કરવામાં આવી હતી ત્યારબાદ સમૂહમાં આરતી તેમજ પ્રસાદી નું આયોજન કરાયું હતુ સૌ એકત્રિત ભૂદેવો દ્વારા ઈસ્ટદેવ ના સાનિધ્ય માં દરેકે ધન્યતા અનુભવી હતી.

## હોકીના જાદુગર મેજર ધ્યાનચંદજીના જન્મ જયંતી નિમિત્તે

# અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ખાતે 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ની ઉજવણી કરાઈ

### યુવા પ્રતિભાઓ રમત ક્ષેત્રે રાજ્ય-રાષ્ટ્રનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવતા નાંદોદના પ્રાંત અધિકારી શૈલેષ ગોકલાણી




। દીપક જગતાપ રાજપીપળા, તા.૩૧ ।

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની કચેરી, નર્મદા દ્વારા અંબુભાઈ પુરાણી (DLSS) શાળા ખાતે તા.૨૯ ઓગસ્ટ ના રોજ નાંદોદના પ્રાંત અધિકારી શ્રી શૈલેષ ગોકલાણીની પ્રેરક ઉપસ્થિતિમાં ભારતના હોકીના જાદુગર એવા ખેલરત્ન મેજર ધ્યાનચંદજીના જન્મ જયંતીના ઉજવણીના ભાગરૂપે નેશનલ સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લામાં રમતનું વાતાવરણ ઉભું કરવા તેમજ યુવા પ્રતિભાને રમતક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે જિલ્લાના ખેલાડીઓ, વ્યાયામ શિક્ષકો સહિત વિવિધ રમતોના કોચ પણ ઉપસ્થિત રહીને રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે ૩ લેગ રેસ, રસ્સા ખેંચ, ૧૦૦ મીટર રનિંગ સહિતની વિવિધ રમતોની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રસંગે છોટુભાઈ પુરાણી વ્યાયામ શાળાના આચાર્ય હસમુખભાઈ પટેલ, શાળાના કેમ્પસ કોરડીનેટર કૌશિકભાઈ ગોહિલ, જિલ્લા રમત વિકાસ અધિકારી વિષ્ણુભાઈ વસાવા, SAG ગાંધીનગરના જયમીન કંથારિયા, જિલ્લા રમત ગમત અધિકારી દિનેશ કદમ સહિત જિલ્લાના અગ્રણી મહાનુભાવો પોતાની પ્રેરક ઉપસ્થિતિ નોંધાવીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરી શુભેચ્છા પાઠવી હતી.

# વડોદરાના નિવૃત રમતવીરોએ ૧૫ સપ્ટેમ્બર સુધીમાં પેન્શન યોજના અંતર્ગત અરજીઓ મોકલી આપવી

। વડોદરા, તા.૩૧ ।

ગુજરાત સરકારશ્રીના રમતગમત યુવા અને સાંસકૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હેઠળ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજ્યના જે રમતવીરોએ રમતગમત ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો હોય અને જેઓ આર્થિક રીતે નિ:સહાય હોય તેવા નિવૃત રમતવીરોને પેન્શન આપવાની યોજના સરકારશ્રી દ્વારા અમલમાં છે. આ યોજના હેઠળ ગુજરાતના વતની અને આ સાથેની શરતો સંતોષતા હોય તેવા નિવૃત (૫૦ વર્ષથી વધુ ઉંમરના) રમતવીરો કે જેમણે યુવાન વયે પોતાની કારકિર્દી દરમિયાન ૩૫ વર્ષની ઉંમર સુધી સરકારશ્રી દ્વારા યોજવામાં આવતી તથા રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના માન્ય ફેડરેશન દ્વારા જે તે સમયે યોજવામાં આવેલી હોય તેવી જે તે રમતની તમામ ઓલમ્પિક રમતો અને પારંપરિક રમતો જેવી કે કબડ્ડી, ખોખો, યોગાસન અને મલખમ જેવી રમતોમાં રાષ્ટ્ર કક્ષાએ વ્યક્તિગત કે સાંઘિક રમતમાં ગોલ્ડ, સિલ્વર કે બોન્ઝ મેડલ મેળવેલ હોય કે રાજ્ય તરફથી નેશનલ માટે મોકલાયેલ ટીમના તે સભ્ય હોય તેવા રમતવીરોને પાત્ર ગણવામાં આવશે. તથા સરકારશ્રીમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ હોય તથા અન્ય જગ્યાએથી જો નાણાકીય લાભ મેળવતા હોય તો તેઓશ્રી જો સરકારશ્રી દ્વારા અન્ય લાભો મેળવતા હોય તો એક વ્યક્તિને બે લાભ આપી શકાશે નહીં. આ યોજના અન્વયે પાત્રતા ધરાવતા રમતવીરને આવકની કોઈ મર્યાદા વગર તેઓને માસિક રૂ.૩૦૦૦/- ની રકમ માસિક ધોરણે ચૂકવાશે. આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા નિવૃત રમતવીરોએ તેમની નિયત નમુનામાં અરજી ફોર્મ જિલ્લા પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, વાઘોડીયા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, રાજીવગાંધી સ્વીમીંગ પુલની બાજુમાં, મહેશ કોમ્પ લેક્ષની સામે, પરિવાર ચાર રસ્તા, વાઘોડિયા રોડ, વડોદરા ખાતેથી મેળવી જરૂરી આધાર-પુરાવા સાથે બે નકલમાં તા. ૧૫/૦૯/૨૦૨૩ સુધીમાં રૂબરૂ મોકલી આપવાની રહેશે, તેમ જિલ્લા રમત ગમત અધિકારીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે કોઈક આધ્યાત્મિક વ્યક્તિ તમારા પર શુભાશિષ વર્ષાવશે તથા તેને કારણે માનસિક શાંતિ આવશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. વ્યર્થ વાદ-વિવાદ માં આજે ખાલી સમય બગડી શકે છે, જે તમને દિવસ ના અંતે નિરાશ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમારી અપેક્ષા કરતાં મિત્રો વધુ સહકાર આપશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. આજે તમને અનુભૂતિ થશે કે તમારા લગ્ન વખતે લીધેલી દરેક પ્રતિજ્ઞાઓ સાચી હતી. તમારા જીવનસાથી તમારા સાચ્ચા સાથી છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે. આજે તમે તમારા જીવનસાથી સાથે સમય પસાર કરશો, પરંતુ કેટલીક જૂની વાતો ફરી પાછા આવવા ના કારણે તમારી વચ્ચે સંઘર્ષ થવા ની સંભાવના છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી, તો આજે તેમની સાથે સમય પસાર કરો અને સ્પષ્ટપણે તમારી વસ્તુઓ તેમની સામે મુકો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. વરિષ્ઠ સહકર્મચારીઓ તથા સંબંધીઓ તમને સારો એવો સહકાર આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં ઈર્ષાયુક્ત વર્તન તમને દુ:ખી તથા નિરાશ કરી શકે છે. પણ એ પોતાની જાત પર જ કરેલી ઈજા જેવું છે આથી તેના વિશે વિલાપ કરવા જેવો નથી. અન્યોની ખુશીઓમાં સહભાગી થવા તમારી જાતને પ્રેરો અને આમાંથી બહાર આવો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? ખુશખુશાલ- ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો. તેમની એકલાપણા તથા હતાશાની લાગણીને ફૂંસી નાખી તેમને લાગવા દો કે તેમનું મહત્વ છે. એકમેક માટે જીવન ઓછું તકલીફદાયક બનાવવા સિવાય જીવવાનો અર્થ શો છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. મિત્રો સાથે સાંજ અથવા શૉપિંગ આનંદદાયક તથા ઉત્સાહજનક રહેશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. તમારા જીવનસાથીની તબિયતમાં બગાડને કારણે તમારૂં કેટલુંક કામ ખોરંભે ચડી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી નફરતને મારવા માટે સૌહાર્દ પૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે.

## આફ્રિકન દેશમાં બળવો, સેનાએ ગેબોન પર કર્યો કબજો

। ગેબોન-આફ્રિકા, તા.૩૧ ।

આફ્રિકાના અન્ય એક દેશમાં બળવો થયો છે. નાઈજરની રીતે, ગેબોનમાં પણ, સૈન્યએ સરકાર પર કબજો કર્યો છે. સેનાના અધિકારીઓએ પોતે ટીવી પર આવીને આ જાહેરાત કરી હતી. સેનાના અધિકારીઓએ જણાવ્યું કે દેશની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે. ગેબોનમાં બળવાના સમર્થનમાં ઘણા લોકો શેરીઓમાં દેખાયા હતા. ત્યાંના રાષ્ટ્રપતિ અલી બોંગો છેલ્લા ૧૪ વર્ષથી પોતાનું પદ સંભાળી રહ્યા હતા. ત્રીજી વખત, બોંગો લગભગ ૬૫ ટકા મત જીત્યા બાદ ફરીથી પ્રમુખ તરીકે ચૂંટાયા હતા, જેનો સૈન્ય દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આફ્રિકન દેશોમાં સત્તાપલટોનો લાંબો ઈતિહાસ છે. ગયા મહિને, ૨૬ જુલાઈએ, નાઈજરમાં લશ્કરી જનરલે રાષ્ટ્રપતિને બંધી બનાવી લીધા હતા અને દેશ પર તેમની સત્તા જાહેર કરી હતી. નાઈજરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે, પરંતુ હજુ સુધી સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. ૧૫ દેશોની સંસ્થા ECOWAS એ નાઈજર પર વિવિધ નિયંત્રણો લાદ્યા છે. ત્યાં પણ વીજ પુરવઠો પ્રભાવિત થયો છે. આ સાથે અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અનેક પ્રકારના પ્રતિબંધો લગાવ્યા છે, પરંતુ નાઈજરમાં બળવાને અંજામ આપનાર સૈન્ય જનરલ પોતાની જીદથી પીછેહઠ કરી રહ્યો નથી. તેઓ કહી રહ્યા છે કે સત્તાના હસ્તાંતરણમાં ૩ વર્ષ લાગશે, એટલે કે તેમની દલીલ છે કે ત્રણ વર્ષમાં તેઓ દેશની સ્થિતિ સામાન્ય બનાવી દેશે. નાઈજરમાં લશ્કરી બળવાને ટેકો આપનારા હજારો લોકોએ ફ્રાન્સના પ્રભાવ સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. જેના કારણે ફ્રેન્ચ એમ્બેસીની સામે તંગ અને હિંસક દ્રશ્યો સર્જાયા હતા.

### વિઝા માટે ઈન્ટરવ્યૂની તારીખ મેળવવામાં અગાઉ મહિનાઓ કે વર્ષો લાગી જતા હતા

# યુએસ વિઝા માટે એપોઈન્ટમેન્ટ બૂક કરવાનું કામ સરળ બન્યું

### અમેરિકાએ ચાલુ વર્ષમાં લગભગ એક મિલિયન વિઝા અરજીઓને પ્રોસેસ કરવાની યોજના બનાવી છે




। નવી દિલ્હી, તા.૩૧ ।

અમેરિકાના વિઝા મેળવવા માગતા ભારતીયોને સૌથી મોટી સમસ્યા એપોઈન્ટમેન્ટ બૂક કરાવવાને લગતી નડે છે. વિઝા માટે ઈન્ટરવ્યૂની તારીખ મેળવવામાં મહિનાઓ કે વર્ષો લાગી જતા હતા. ખાસ કરીને કોવિડના કારણે સમસ્યા ઘણી ગંભીર બની ગઈ હતી. જોકે, હવે એપોઈન્ટમેન્ટ બૂક કરવાનું કામ સરળ થઈ ગયું છે અને તેમાં વેઈટ કરવાની જરૂર નથી. મુંબઈ સ્થિત યુએસ કોન્સ્યુલેટે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે કોવિડ-૧૯ના કારણે વિઝા માટે જે બેકલોગ સર્જાયો હતો તે સમાપ્ત થઈ ગયો છે.

હવે અરજકર્તાઓ સ્ટાન્ડર્ડ ટાઈમમાં જ પોતાના ઈમિગ્રેશન વિઝા ઈન્ટરવ્યૂ માટેના એપોઈન્ટમેન્ટને શિડ્યુલ કરી શકે છે. કોન્સ્યુલેટનું કહેવું છે કે લગભગ ૯ લાખથી વધારે નોન-ઈમિગ્રન્ટ વિઝા હાલમાં પ્રોસેસ થઈ રહ્યા છે અને થોડા જ દિવસોમાં તે ૧૦ લાખનો આંકડો વટાવી જશે. અમેરિકાના ભારત ખાતેના રાજદૂત એરિક ગાર્સેટીએ જણાવ્યું કે ટુરિસ્ટ વિઝાના ઈન્ટરવ્યૂ માટે જે વેઈટ પિરિયડ હતો તે લગભગ ૫૦ ટકા સુધી ઘટી ગયો છે. ૨૦૨૩માં એક વર્ષમાં એક મિલિયન વિઝા અરજીઓ પ્રોસેસ કરવાની યોજના છે. કોવિડ પછી મોટા ભાગના ભારતીયોની ફરિયાદ હતી કે હજુ પણ વિઝાની પ્રોસેસ નોર્મલ નથી થઈ અને તેમને એપોઈન્ટમેન્ટ મેળવવામાં મહિનાઓ લાગી જાય છે. અમેરિકન ઓથોરિટીએ આ ફરિયાદને ગંભીરતાથી લીધી છે અને તેના ઉકેલ માટે કામ કરે છે.

તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકામાં ઈન્ડિયન કોમ્યુનિટીની મુલાકાત લીધી ત્યારે તેમણે જાહેરાત કરી હતી કે ભારતીય પ્રોફેશનલો વિદેશમાં ગયા વગર જ તેમના વર્ક વિઝાને રીન્યૂ કરી શકે છે. તેમણે કહ્યું હતું કે આગામી દિવસોમાં બેંગલુરુ અને અમદાવાદમાં અમેરિકાના નવા કોન્સ્યુલેટ ખોલવામાં આવશે. હવેથી ઉં૧મ વિઝાને અમેરિકામાં રહીને જ રિન્યુ કરાવી શકાશે. અમેરિકન દૂતાવાસના અધિકારીએ જણાવ્યું કે અમેરિકામાં ભારતીય ટ્રાવેલર્સની સંખ્યા સતત વધતી જાય છે તેથી વિઝાની પ્રોસેસને સ્ટ્રીમલાઈન કરવા માટે અને ઝડપી બનાવવા માટે બંને દેશ સાથે મળીને કામ કરી રહ્યા છે. કોવિડ વખતે તમામ દેશોએ ટ્રાવેલ પર નિયંત્રણ મુક્યા હતા ત્યાં સુધી સ્થિતિ અલગ હતી. પરંતુ ત્યાર પછી કોવિડ નિયંત્રણો હટાવવામાં આવ્યા ત્યારે અમેરિકન વિઝા માટે અરજીઓમાં મોટો ઉછાળો આવ્યો અને તેમાં ભારતીયો સૌથી આગળ હતા. ચાલુ વર્ષમાં ફેબ્રુઆરીમાં યુએસ એમ્બેસીએ જાહેરાત કરી હતી કે વિદેશ જઈ રહેલા ભારતીયો પોતાના ડેસ્ટિનેશન પર યુએસ એમ્બેસી કે કોન્સ્યુલેટમાં વિઝા એપોઈન્ટમેન્ટ મેળવી શકે છે. છેલ્લા એક વર્ષમાં અમેરિકાએ લગભગ ૮૨,૦૦૦ વિઝા ઈશ્યૂ કર્યા હતા.

### નાઈજર બાદ વધુ એક આફ્રિકન દેશ ગેબોનમાં પણ લશ્કરી બળવા

# રાષ્ટ્રપતિ અલી બોંગો ઓન્ડિમ્બાને બળવા પછી નજરકેદ કરવામાં આવ્યા

### અહેવાલ મુજબ સેનાના અધિકારીઓએ એક ટીવી ચેનલના માધ્યમથી બળવા અંગે માહિતી આપી હતી



। નવી દિલ્હી, તા.૩૧ ।

નાઈજર બાદ વધુ એક આફ્રિકન દેશ ગેબોનમાં પણ લશ્કરી બળવો થયો છે. બળવાની જાહેરાત કરતી વખતે ગેબોનના સૈન્ય અધિકારીઓએ જણાવ્યું હતું કે ૨૦૦૯ થી સત્તામાં રહેલા રાષ્ટ્રપતિ અલી બોંગો ઓન્ડિમ્બાને પણ નજરકેદમાં રાખ્યા છે. રોયટર્સના અહેવાલ મુજબ સેનાના અધિકારીઓએ એક ટીવી ચેનલના માધ્યમથી બળવા અંગે માહિતી આપી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૬૪ વર્ષીય રાષ્ટ્રપતિ અલી બોંગો ઓન્ડિમ્બાને બળવા પછી નજરકેદ કરવામાં આવ્યા છે. સાથે જ તેમના એક પુત્રની રાજદ્રોહના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. નોંધનીય છે કે બોંગો પરિવાર ૫૫ વર્ષથી વધુ સમયથી ગેબોન પર શાસન કરી રહ્યું છે. અહેવાલ મુજબ, લશ્કરી કાર્યવાહી બાદ રાજધાની લિબ્રેવિલેમાં શેરીઓમાં ઉજવણી કરવામાં આવી હતી. અહેવાલ મુજબ, તાજેતરમાં પૂર્ણ થયેલી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઓન્ડિમ્બાની જીતની જાહેરાત પછી તરત જ રાજધાનીમાં હિંસક પ્રદર્શનો શરૂ થઈ ગયા. આ હિંસક પ્રદર્શનોની વચ્ચે સૈનિકોએ સરકારી ટેલિવિઝન પર સત્તા પોતાના હાથમાં લેવાનો દાવો કર્યો હતો. એટલું જ નહીં સૈનિકોએ રાષ્ટ્રગીત ગાવાનું પણ શરૂ કરી દીધું હતું. રાષ્ટ્રીય ટેલિવિઝન પર બળવાની જાહેરાત કર્યા પછી એક લશ્કરી અધિકારીએ જાહેરાત કરી કે તમામ સરકારી સંસ્થાઓને ભંગ કરી દેવામાં આવી છે. ચૂંટણી પરિણામો રદ કરવામાં આવ્યા છે અને સરહદો બંધ કરી દેવામાં આવી છે. પોતાના સંબોધનમાં સૈન્ય અધિકારીએ કહ્યું હતું કે આજે દેશ ગંભીર રાજકીય, આર્થિક અને સામાજિક સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. રિપોર્ટ અનુસાર, જ્યારે આર્મી ઓફિસર ટીવી પર રાષ્ટ્રને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે એક ડઝન આર્મી કર્નલ, રિપબ્લિકન ગાર્ડના સભ્યો, નિયમિત સૈનિકો અને અન્ય લોકો હાજર હતા. બળવા દરમિયાન સૈન્ય અધિકારીઓએ આરોપ લગાવ્યો હતો કે દેશમાં યોજાયેલી ચૂંટણીઓ પારદર્શિતાની શરતોને પૂર્ણ કરતી નથી જેની ગેબોનના લોકોને ઘણી આશા હતી. નોંધનીય છે કે રાષ્ટ્રપતિ અલી બોંગોને ૨૦૦૯ માં તેમના પિતા ઓમર પાસેથી સત્તા વારસામાં મળી હતી. તેઓ સતત ત્રીજી વખત રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાયા હતા.

### આ તસ્વીર જાપાનના નાગાનો પર્ફેક્ચરમાં પાડેલી છે

# પક્ષીઓ સાથે દોસ્તી કરવા વૈજ્ઞાનિકે વર્ષ સુધી ચહેરા પર ચકલીનું મહોરું પહેરી રાખ્યું

### પ્રોફેસર સુઝુકીએ જણાવ્યું કે, તેમના સાથી પ્રોફેસર ટિટ્સ ચકલી પર શોધ કરી રહ્યા હતા





। નવી દિલ્હી, તા.૩૧ ।

દુનિયામાં એવા કેટલાય વૈજ્ઞાનિક છે, જે પોતાની શોધમાં ઈચ્છિત પરિણામ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ હદે જવા તૈયાર થઈ જાય છે. ત્યારે જ તેમને સફળતા પ્રાપ્ત થાય છે. કેટલાય લોકોએ પોતાની જાતને મહિનાઓ સુધી રુમમાં બંધ કરીને ફક્ત રિસર્ચ જ નહીં પણ ખાવા-પીવાનું ત્યાગ કરી દીધું. પણ હાલમાં જાપાનમાંથી એક વૈજ્ઞાનિક ખૂબ જ ચર્ચામાં છે, જેમણે શોધના નામ પર કંઈક એવું કર્યું છે, જેને લઈને સૌ કોઈ ચોંકી ગયા છે.

આ શખ્સે ૧ વર્ષ સુધી ચકલીનું મહોરું પહેરીને બેઠો છે. તેની પાછળનું કારણ પણ ખૂબ જ રસપ્રદ છે. ઓડિટી સેન્ટ્રલ વેબસાઈટના રિપોર્ટ અનુસાર યુનિવર્સિટી ઓફ ટોક્યોના અસોશિએટ પ્રોફેસર તોશીતાકા સુઝુકીએ હાલમાં જ પોતાના ટ્વિટર અકાઉન્ટ પર એક ફોટો પોસ્ટ કર્યો, જેમાં એક સહ કર્મી એટલે કે સાથી પ્રોફેસરનો છે. ફોટોમાં મજેદાર વાત એ છે કે, તેમાં જે શખ્સ દેખાઈ રહ્યો છે, તેણે પક્ષીનું મહોરું પહેરી રાખ્યું છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર આ તસ્વીર જાપાનના નાગાનો પર્ફેક્ચરમાં પાડેલી છે. અહીં આ પ્રોફેસર પક્ષીઓ પર રિસર્ચ કરી રહ્યા હતા. પ્રોફેસર સુઝુકીએ જણાવ્યું કે, તેમના સાથી પ્રોફેસર ટિટ્સ ચકલી પર શોધ કરી રહ્યા હતા. તે આ પક્ષીઓ સાથે દોસ્તી કરવા માગતા હતા. તેના કારણે તેમણે પક્ષીનું મહોરું પહેરીને જંગલમાં જતાં હતા અને પક્ષીને પોતાના તરફ આકર્ષિત કરતા હતા. તેમની આ શોધ લાંબા સમય સુધી ચાલી. આપને વિશ્વાસ નહીં આવે પણ એક વર્ષ સુધી તેઓ પક્ષીઓનું મહોરું પહેરીને આવતા હતા. વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું છે કે, પક્ષીઓ માણસના ચહેરા ઓળખી શકે છે. જ્યારે તેઓ માણસને જુએ છે, ત્યારે તેઓ કલરવ કરવાનું છોડી પરેશાન થવાનો અવાજ કાઢે છે. તેમને લાગ્યુ કે ટિટ્સ ચકલીના બ્લેકલિસ્ટમાં તેઓ પણ આવી ચુક્યા છે. એટલા માટે તેણે આ મહોરું પહેરવાનું શરુ કર્યું. આવું કરીને તેઓ પક્ષીના અવાજ પર શોધ કરવા માગતા હતા. રિપોર્ટમાં જણાવ્યું છે કે, વૈજ્ઞાનિક પહેલા પક્ષીઓના માળામાં જઈને બચ્ચા પર રિસર્ચ કરતા હતા અને માળાની ખૂબ જ નજીક આવીને તેના અવાજ પર રિસર્ચ કરતા હતા. પણ ચકલીઓ તેનો ચહેરો ઓળખી જતી અને ચિસો પાડવા લાગતી હતી. તેના કારણે તેમણે મહોરું પહેરવાનું શરુ કર્યું. પણ શું હવે તેઓ સફળ થયા? પ્રોફેસર સુઝુકીએ જણાવ્યું કે, તેમના સહકર્મી આ વૈજ્ઞાનિકનો એક્સપેરિમેન્ટ એકદમ ફેલ થઈ ગયું. મહોરું પહેરીને જતાં હતા તેમ છતાં પણ પક્ષી તેમને ઓળખી જતાં અને ચિસો પાડવા લાગતી હતી.

### રેલવેની આવકનું વધુ એક સાધન

# રેલવે સ્ટેશન પર મોબાઈલના સુરક્ષિત ચાર્જિંગનો ચાર્જ લાગશે

### ઉત્તર મધ્ય રેલ્વે પ્રથમ તબક્કામાં ૨૨ કિઓસ્ક મશીનો સ્થાપિત કરશે, ચાર્જિંગ કરવા ૧૦ રૂપિયા ચૂકવવા પડશે

। નવી દિલ્હી, તા.૩૧ ।

અત્યાર સુધી રેલવે સ્ટેશન પર મુસાફરો તેમના મોબાઈલ ફોન ફ્રીમાં ચાર્જ કરતા હતા. એક વીજ બોર્ડમાં ઘણી જગ્યાએ એકસાથે ડઝનેક મોબાઈલ ચાર્જ થાય છે. આ રેલવેની ફ્રી પેસેન્જર સુવિધાઓમાંથી એક છે. હવે રેલ્વે કિઓસ્ક મશીનો દ્વારા મોબાઈલ ચાર્જિંગ સુવિધાથી પણ આવક મેળવશે. એટલે કે, હવે તમારે નોર્થ સેન્ટ્રલ રેલવે (એનસીઆર) સ્ટેશન પર તમારો મોબાઈલ સુરક્ષિત રીતે ચાર્જ કરવા માટે પૈસા ખર્ચવા પડશે. ઉત્તર મધ્ય રેલ્વે પ્રથમ તબક્કામાં ૨૨ કિઓસ્ક મશીનો સ્થાપિત કરશે. પ્લેટફોર્મ પર ચાર્જિંગ માટે સોકેટ બોર્ડ શોધવાની જરૂર રહેશે નહીં. આ સમયગાળા દરમિયાન મોબાઈલ પડવાની કે ચોરાઈ જવાની સમસ્યા પણ ખતમ થઈ જશે. કિઓસ્કથી ચાર્જ કરતી વખતે મોબાઈલ સુરક્ષિત રહેશે અને ચાર્જ પણ રહેશે. તમારે મોબાઈલ ચાર્જ કરવા માટે ૧૦ રૂપિયા ચૂકવવા પડશે. પ્રયાગરાજ જંક્શન, કાનપુર, ઝાંસી, આગ્રા, ગ્વાલિયર સહિતના મુખ્ય સ્ટેશનો પર પ્રથમ તબક્કામાં આ સુવિધા પૂરી પાડવાની યોજના છે. જો કોઈ મુસાફર પોતાનો મોબાઈલ મશીન સાથે જોડાયેલ લોકરમાં રાખીને ક્યાંક જાય તો પણ તેનો મોબાઈલ સુરક્ષિત રહેશે. આ મશીનો આ વર્ષે એનસીઆરના ઘણા રેલવે સ્ટેશનો પર લાગુ કરવામાં આવશે. મોબાઈલને લોકરમાં રાખવા માટે પાસવર્ડ નાંખીને લોકરને ખોલવો પડશે. મોબાઈલ ચાર્જ કરવા માટે મશીનમાં દસ રૂપિયાની નોટ નાંખવી પડે છે.

### લોન પર પ્રોસેસિંગ ફીની માફી

# મોંઘવારી વચ્ચે એસબીઆઈ આપી રહી છે સસ્તી હોમ લોન

। નવી દિલ્હી, તા.૩૧ ।

ભારતની સૌથી મોટી જાહેર ક્ષેત્રની બેંક SBIએ તેના ગ્રાહકોને ઓછા વ્યાજે હોમ લોન આપી છે. ગ્રાહકો પાસે ઓછા વ્યાજે હોમ લોન કન્સેશન લેવાની આજની તક છે. જો તમે પણ SBI પાસેથી હોમ લોન લેવા માંગો છો, તો તમે હોમ લોનના વ્યાજ પર ૫૫ bps સુધીનું ડિસ્કાઉન્ટ મેળવી શકો છો. પ્રોસેસિંગ ફી અને હોમ લોન કન્સેશન માટેની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની વેબસાઈટ અનુસાર પ્રોસેસિંગ ફી પર ૫૦ થી ૧૦૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. આ ડિસ્કાઉન્ટ રેગ્યુલર હોમ લોન, ફ્લેક્સીપે, NRI અને નોન-સેલેરી હોમ લોન પર આપવામાં આવી રહ્યું છે. બેંક અનુસાર, તમામ HAL અને ટોપ અપ વર્ઝન માટે કાર્ડ રેટમાં ૫૦ ટકા (લોન રકમના ૦.૩૫ ટકા ગણા ૫૦ ટકા)ની છૂટ આપવામાં આવી છે અને આ છૂટ ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ સુધી રહેશે. આ સિવાય GSTમાં પણ છૂટ આપવામાં આવશે. ટેકઓવર, રિસેલ અને રેડી ટુ મૂવ હોમ પર ૧૦૦% પ્રોસેસિંગ ફી માફી આપવામાં આવશે. જો કે, ઈન્સ્ટા હોમ ટોપ અપ, રિવર્સ મોર્ટગેજ અને EMD માટે કોઈ છૂટ નથી. આના પર લોનની રકમના ૦.૩૫% પ્રોસેસિંગ ફી વસૂલવામાં આવશે. આના પર GST પણ લાગુ થશે અને તેના પર ઓછામાં ઓછો ૨,૦૦૦ રૂપિયા વત્તા GST અને વધુમાં વધુ ૧૦,૦૦૦ રૂપિયા વત્તા GST લાગશે.

## વિશેષ

### બિમાર અને તરછોડાયેલી ગાયોની સાચવણી કરીને તેની સેવા કરવાનું મિશન


# છેલ્લા ૩ વર્ષથી ગૌમૂત્ર, ગાયનું છાણ, દહીં, માટી અને ઘી જેવા પંચ દ્રવ્ય વડે ગણપતિ બનાવતું વડોદરાનું દંપતિ

### ગાયનું દૂધ સ્વાસ્થ્ય માટે ગુણકારી તેમજ તેના છાણ-ગૌમૂત્ર કુદરતી ખેતી માટે મહત્વનો ભાગ ભજવે છે : મનોજસિંઘ યાદવ

આપણા ભારતવર્ષમાં વેદની અંદર જેમ ગાયને માતા તરીકે પુજ્ય મનાય છે તેમ ગાયનાં છાણ-ગૌમૂત્રની પણ આયુર્વેદમાં મહત્વતા દર્શાવાઈ છે. ભારતમાં ગાયનાં છાણ-ગૌમૂત્રનો ઔષધિય દવા તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે. ગાયનું દૂધ પ્રોટીનથી ભરપૂર હોય છે જે માનવશરીરની રોગપ્રતિકારકને મજબૂત બનાવી અનેક ચેપી રોગોના સંક્રમણથી બચાવે છે. આમ, ગાય આપણને અનેક રીતે ઉપયોગી છે તેમ છતાં આપણે શહેરી વિસ્તારમાં ઘણી જગ્યાઓએ ગાયોને રસ્તામાં અડફેટાતી અને તરછોડાયેલી-બિમાર હાલતમાં જોવા મળે છે.

હા, અહીં આપણે વાત કરીએ છીએ એવી દંપતીની કે જેઓ બિમાર અને તરછોડાયેલી ગાયોની સાચવણી કરીને તેની સેવા કરે છે. અત્યારે આ દંપતી પાસે ૧૮ જેટલી ગાયો છે જે તેમણે શહેરમાં રખડતી-બીમાર અને તરછોડાયેલી હાલતમાંથી લાવીને એની બનતી દરેક પ્રકારની સેવા કરીને તેની પ્રેમથી સાચવણી કરે છે.

વાત છે વર્ષ ૨૦૦૬ થી વડોદરામાં સ્થાયી થયેલા અને મૂળે ઉત્તર પ્રદેશના વતની એવા મનોજસિંઘ યાદવની અને તેમનાં પત્ની મૂળે





ગુજરાતી. મનોજસિંઘ યાદવ પહેલેથી દેશી ગાયનું દૂધ નિયમિતપણે સેવન કરતા હતા. વડોદરામાં સ્થાયી થયા બાદ તેમણે દેશી ગાયનું દૂધ મેળવવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તેઓને શહેરમાં તરછોડાયેલી હાલતમાં રખડતી-બીમાર ગાયો જોવા મળી તેથી તેમણે બન્નેએ મળીને બિમાર અને તરછોડાયેલી ગાયોની સાચવણી કરીને તેની સેવા કરવાનું નક્કી કર્યું. વર્ષ ૨૦૧૭ થી મનોજસિંઘ યાદવ અને એમના પત્ની શ્રુતિ સિંઘે બીમાર અને તરછોડાયેલી ગાયો લાવીને તેની સારવાર સહિત તમામ ખર્ચ કરી તેમની સેવા કરવાનું શરૂ કર્યું. અત્યારે આ દંપતી પાસે તબેલામાં ધીમે-ધીમે ૧૮ જેટલી ગાયો થઈ ગઈ છે. આ ગાયો અમારો પરિવાર છે અમે ગાયોના ખર્ચને પહોંચી વળવા શહેરની બહાર પડેલી બિનફળદ્રુપ જમીન ભાડે લઈને તેમાં ગાયો માટેના ચારાની વ્યવસ્થા કરી અને ખાતર તરીકે ગાયનાં જ છાણ-મૂત્રનો જ કુદરતી ખાતર તરીકે ઉપયોગ કર્યો તેમજ ગાયના દૂધમાંથી ઘી અને મીઠાઈઓ બનાવીને વેચી એમ શ્રુતિ સિંઘે જણાવ્યું હતું.

છેલ્લાં ૩ વર્ષથી ગણેશ ચતુર્થી નિમિતે અમે પોતે જ ગાયના છાણ, ગૌમૂત્ર, ઘી, માટી અને દહીં વડે પંચગવ્ય ગણપતિ બનાવીએ છીએ. શરૂઆતમાં અમે ૩૦ ગણપતિ બનાવ્યા, બીજા વર્ષે ૫૦ અને આ વર્ષે અમે ૧૦૦ ગણપતિની મૂર્તિ બનાવીને ઈકોફ્રેન્ડલીના ઉપયોગ માટેનો સમાજને સંદેશો આપીએ છીએ. ગાયનું દૂધ સ્વાસ્થ્ય માટે ગુણકારી તેમજ તેના છાણ-ગૌમૂત્ર કુદરતી ખેતી માટે મહત્વનો ભાગ ભજવે છે એમ મનોજસિંઘ યાદવે વધુમાં જણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### આબુ-અંબાજી હાઇવે પર બસ પર પથ્થરમારો થતા ખળભળાટ મચી

। અમદાવાદ,તા.૩૧ ।

કરોડો લોકોની આસ્થાના અખૂટ સાગર સમાન મા અંબાના દર્શન કરવા માટે ભક્તો દૂર-દૂરથી આવતા હોય છે. અમુક ખાનગી વાહન લઈને તો ઘણા સાર્વજનિક વાહનોમાં મુસાફરી કરીને અંબાજી પહોંચે છે. ત્યારે ગઈકાલે મોડી રાત્રે પથ્થરમારાની ચકચારી ઘટના સામે આવી હતી. આબુ રોડ પર રાજસ્થાન તરફથી આવતી ગુજરાત ટ્રાવેલ્સની ખાનગી બસ અમદાવાદ તરફ જઈ રહી હતી તે દરમિયાન અસામાજિક તત્વોએ પથ્થરમારો કર્યો હતો. મુસાફર ભરેલી બસ અંબાજી આબુરોડ હાઈવે માર્ગ પરથી પસાર થઈ રહી હતી. જેને નિશાન બનાવી પથ્થરમારો કરતા બસના આગળના કાચનો કડુસલો બોલી ગયો હતો.

### દાહોદમાં લોટરીની લાલચે મહિલાએ ૧૭ લાખ રુપિયા ગુમાવ્યા

। દાહોદ, તા.૩૧ ।

લોભિયા હોય ત્યાં ધુતારા ભુખે ન મરે આ કહેવત ફરી એકવાર સાચી સાબિત થઈ છે. લોટરીની લાલચમાં એક મહિલાએ ૧૭ લાખ ગુમાવ્યાં હોવાનું સામે આવ્યુ છે. આવી જ એક ઘટના દાહોદમાં બની છે કે જ્યાં બુરહાની સોસાયટીમાં રહેતા ૩૬ વર્ષીય મહિલાને ભેજાબાજો વોટસએપ પર જુદા જુદા નંબરો પરથી મેસેજ કરતા હતા. અને વાઉચર નંબર સિલેક્ટ કરાવી કુલ એક કરોડ ચાલીસ લાખની લોટરી લાગી હોવાની લાલચ આપતા હતા. જેથી મહિલા ભેજાબાજોની લાલચમાં આવી ગઇ અને છેતરપિંડીનો ભોગ બની હતી. ભેજાબાજોએ મહિલાને લાલચમાં ફસાવી કુલ ૧૭ લાખ રૂપિયા ઓનલાઈન પડાવી લીધા છે. જો કે ૧૭ લાખ પડાવી લીધા બાદ મહિલાને કોઇ લોટરી લાગી ન હતી.

### જામનગરમાં ક્રિપ્ટો કરન્સીના નામે છેતરપીંડી કરનાર આરોપી પકડાયા

। જામનગર,તા.૩૧ ।

ફેસબુક પર ઓળખાણ કરીને વેપારી સાથે છેતરપિંડી કરી છે. આ ફ્રોડ ડોલરમાં ટ્રાન્સફર કરાવવાના નામે કરવામાં આવ્યું છે. કુલ રૂ. ૪.૯૫ લાખની છેતરપીંડીની ફરીયાદ નોંધાઈ હતી. સ્કેમર્સે અંદાજે ૫ લાખ રૂપિયા સેરવી લીધા હતા. તેઓએ ટેકનીકલ ઈસ્યુ બતાવીને પૈસા ટ્રાન્સફર કર્યા ન હતા. ત્યારબાદ ફોન ન લાગતા સાયબર ક્રાઈમને ફરીયાદ મળી હતી અને ફરીયાદના આધારે કાર્યવાહી કરવામાં આવી હતી. જામનગરમાં ક્રિપ્ટો કરન્સીના નામે છેતરપિંડી કરનારા આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા છે. ફેસબુક પર ઓળખાણ કરીને વેપારી સાથે છેતરપિંડી કરી છે. આ ફ્રોડ ડોલરમાં ટ્રાન્સફર કરાવવાના નામે કરવામાં આવ્યું છે. કુલ રૂ. ૪.૯૫ લાખની છેતરપીંડીની ફરીયાદ નોંધાઈ હતી. સ્કેમર્સે અંદાજે ૫ લાખ રૂપિયા સેરવી લીધા હતા.

# હર્ષ સંઘવીએ નવી ૪૦ એસટી બસનું લોકાર્પણ કરી મુસાફરી કરી

## સુરતથી વિશ્વામિત્રી, પાવાગઢ, મોઢેરા ખાતે જવા ઉપડશે, જેથી સૌરાષ્ટ્રવાસીઓને મુસાફરી માટે મોટો ફાયદો થશે

। સુરત,તા.૩૧ ।

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ નવી ૪૦ એસટીના લોકાર્પણ કરી એસટી બસના મુસાફરી કરી છે. સાથે જ શિક્ષણમંત્રી, ધારાસભ્યઓએ બસમાં મુસાફરી કરી હિન્દી ફિલ્મોના ગીતો ગાઈ મજા માણી છે. સુરતમાં છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રવાસીઓની સુરતથી વિશ્વામિત્રી, પાવાગઢ, મોઢેરા માટે બસોની માંગ હતી. આ બસોની માંગ આજે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીના હસ્તે પૂર્ણ કરવામાં આવી છે. સુરતના સરથાણા ખાતેથી આજરોજ રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ શિક્ષણ મંત્રી પાનસેરીયા સહિત ધારાસભ્યોની ઉપસ્થિતિમાં બસોને લીલી ઝંડી આપી ૪૦ નવી બસો પારંભ કરવામાં આવ્યો હતો. આ બસો રોજે સુરતથી વિશ્વામિત્રી, પાવાગઢ, મોઢેરા ખાતે જવા ઉપડશે, જેથી સૌરાષ્ટ્રવાસીઓને મુસાફરી માટે મોટો ફાયદો થશે.

બસને લીલી ઠંડી આપ્યા બાદ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરીયા સહિત ધારાસભ્ય કોર્પોરેટરો સહિતના આગેવાનોએ બસમાં મુસાફરી કરી હતી. મુસાફરી દરમિયાન ગૃહમંત્રી હર્ષ સંઘવી શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ફિલ્મી ગીતો ગાઈ મુસાફરીની મજા માણી હતી. બસમાં ગીતોની મહેફિલ ચાલી હતી. બસમાં મુસાફરી બાદ એક હોટેલ પર બસ રોકી ચાની પણ ચુસકી મારી હતી.

રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પત્રકારોને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, ૪૦ બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરવાઈ છે. અત્યાર સુધીમાં ૪૦૦ બસોનું લોકાર્પણ થયું છે. આવનારા અઠવાડિયામાં બીજી ૪૦ બસ શરૂ કરાશે. આવનારા વર્ષમાં ૨ હજાર નવી બસો શરૂ કરાશે.






BAPS શાહીબાગમાંથી સંત શ્રી કપિલ સ્વામીજી અને બીજા સંતોએ પણ આવીને તેમનું સન્માન કર્યું હતું

# આધુનિક યુગના શ્રવણકુમાર શ્રી કૃષ્ણકુમારજી અને તેમની માતાનું કર્ણાટક સંઘ અમદાવાદ દ્વારા સન્માન કાર્યક્રમ યોજાયો

## મહિલા આગેવાનો શ્રીમતી પી. બી. અલમેલ, શ્રીમતી શશી રાવ તથા શ્રીમતી વિદ્યા સંજય દ્વારા તેમની માતાજીનું સન્માન કરવામાં આવ્યું



। અમદાવાદ, તા.૩૧ ।

આજના સમયમાં કલ્પના પણ ન કરી શકાય તેવી વાત એટલે કોઈ પુત્ર પોતાની માતા માટે સંસારના બધા સુખ ત્યાગ કરી માતાની ઈચ્છા પૂર્ણ કરવા ભારતભરના મંદિરોના દર્શન કરાવવા માટે નીકળી ગયા હોય તે કલ્પના જ લાગે.

આજના કળિયુગના શ્રવણકુમાર શ્રી કૃષ્ણકુમારજી (મૈસુર, કર્ણાટક) તેમની માતા શ્રીમતી ચુડારત્નમ્મા જેમની ઉમર ૭૩ વર્ષ છે તેમની સાથે ભારતભરના મઠ, મંદિરો, આશ્રમો, દેવસ્થાનો, શક્તિ કેન્દ્રોના દર્શન કરી ૭૬૦૫૨ કિ. મિ.ની યાત્રા પૂર્ણ કરી તારીખ ૨૬ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે આવેલ છે. તારીખ ૨૭ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ અમદાવાદ ખાતે "કર્ણાટક સંઘ અમદાવાદ" નવરંગપુરા ખાતે સંઘના અધ્યક્ષ શ્રી એચ. વી. બેનુર તથા મંત્રી શ્રી બી. એસ. અલમેલ દ્વારા તેમને શાલ, મોમેન્ટો, પુષ્પગુચ્છથી સત્કાર કરવામાં આવ્યુ. કર્ણાટક દર્શન ૨૦૨૨માં થયેલ મોટા કાર્યક્રમનું સોવેનિયર પણ આપવામાં આવ્યું હતું. આવેલ મહિલા આગેવાનો શ્રીમતી પી. બી. અલમેલ, શ્રીમતી શશી રાવ તથા શ્રીમતી વિદ્યા સંજય દ્વારા તેમની માતાજીનું સન્માન કરવામાં આવ્યું. મોટી સંખ્યામાં કર્ણાટકના ભાઈઓ તથા બહેનો સાથે વાર્તાલાપ અને અનુભવ કથનનો કાર્યક્રમ રહ્યો. કર્ણાટક સંઘ અમદાવાદના આમંત્રણ ને માન આપીને BAPS શાહીબાગમાંથી સંત શ્રી કપિલ સ્વામીજી અને બીજા સંતોએ પણ આવીને તેમનું સન્માન કર્યું હતું.

શ્રી કૃષ્ણકુમારજીને આ વિચાર ક્યાંથી પ્રાપ્ત થયો તેમ જણાવતા તેમણે કહ્યું હતું કે પોતાના પિતાના દેહ અવસાન બાદ માતાને પોતાની સાથે બેંગ્લોર ખાતે લઈ ગયા હતા અને તેમની સાથે વાર્તાલાપ દરમિયાન સહજ માતાજીને પૂછ્યું હતું કે તમે નજીકના મોટા દેવસ્થાનો જોયા છે કે નહીં તેવું પૂછતા તેમની માતાએ કહ્યું કે મેં તો આપણી ગામની બાજુનું મંદિર પણ જોયું નથી પરિવાર અને ઘરની સેવામાં જ મારુ સંપૂર્ણ જીવન વીતેલ છે. આ સાંભળી તેમના પુત્રને ખૂબ દુઃખ થયું હતું અને પોતાની કોર્પોરેટ કંપનીનું કામ છોડી પોતાની માતાને ભારતના બધા જ મંદિરો, મઠો, દેવસ્થાનો, આશ્રમો બતાવવાની પ્રતિજ્ઞા લઈ તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજથી "માતૃસેવા સંકલ્પ યાત્રા" નામથી યાત્રા પ્રારંભ કરી. તેમના પિતાજીએ આપેલી ભેંટ એવું બજાજ સ્કૂટરને પિતાનું પ્રતીક માની તેની ઉપર જ સમગ્ર ભારત તથા ચાર દેશોની યાત્રા કરી ચૂક્યા છે.

તેમની આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે બધા તેમની માતા પિતાની વેદના અને તેમના મનમાં રહેલો ભાવ સમજે. પ્રતિદિન પોતાની માતા-પિતા સાથે થોડો સમય પસાર કરે. તેમના મનની વાત સાંભળે અને તેમના ખબર અંતર પૂછે. વડીલોને બાળકો પાસેથી કઈ નહીં ફક્ત બે ઘડી વાત કરે એ જ જોઈતું હોય છે.જો દરેક ઘર પરિવારમાં આવું થાય તો આજે વૃદ્ધાશ્રમોની આવશ્યકતા ન રહે. તેમનો સંદેશ એ છે કે માવતર પોતાનું જીવન બાળક પાછળ ખપ ાવી દે છે ત્યારે તેમનું ઋણ ચૂકવવા સંતાનોએ પણ તેમનું કર્તવ્ય નિભાવવું જોઈએ. આ સંદેશ લઈને તેઓ તેઓ આ યાત્રા કરી રહ્યા છે જે સમાજને એક પ્રેરણા છે.

# ગુજરાતના 3 અધ્યાપકોને ટેકનિકલ અને હાયર એજ્યુકેશનનો 'નેશનલ એવોર્ડ ટુ ટીચર્સ ૨૦૨3' એનાયત કરવામાં આવશે

## ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા દેશભરમાંથી એવોર્ડ માટે પસંદ કરવામાં આવેલા કુલ ૧3 અધ્યાપકોમાંથી 3 ગુજરાતના

। અમદાવાદ, તા.૩૧ ।

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવતા ટીચર્સ નેશનલ એવોર્ડમાં આ વર્ષે ટેકનિકલ અને હાયર એજ્યુકેશન એવોર્ડમાં ૩ ગુજરાતી અધ્યાપકોને વિજેતા જાહેર કરવામાં આવ્યાં છે. શિક્ષકદિન પૂર્વે ગુજરાતના ત્રણ અધ્યાપકોએ આ સિદ્ધિ પ્રાપ્ત કરીને રાષ્ટ્ર કક્ષાએ રાજ્યનું નામ રોશન કર્યું છે. અમદાવાદના આંબાવાડી ખાતે સરકારી પોલીટેકનિકમાં લેકચરર તરીકે ફરજ બજાવતા શ્રી ઝંખના મહેતા, આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર શ્રી ઈન્દ્રનાથ સેનગુપ્તા અને ગાંધીનગર ઈડીઆઇ (એન્ટરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)ના પ્રોફેસર ડો. સત્ય રંજન આચાર્યને શિક્ષક દિન (૫મી સપ્ટેમ્બર)ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. આ બહુમાન બદલ ત્રણેય અધ્યાપકોને ભારત સરકાર દ્વારા પ્રમાણપત્ર, ૫૦,૦૦૦ નો કેશ રિવોર્ડ અને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા હવે આઈટીઆઈ, પોલીટેકનિક, નેશનલ સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના સહિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોના ટેકનિકલ અને હાયર એજ્યુકેશન સાથે સંકળાયેલા પ્રોફેસર અને લેક્ચરરને પણ 'નેશનલ એવોર્ડ ટુ ટીચર્સ' આપવામાં આવે છે. શિક્ષકો અને અધ્યાપકોને રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવાનો મુખ્ય હેતુ શિક્ષણ ક્ષેત્રે દેશના શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનની ઉજવણી કરવાનો અને એવા શિક્ષકો અને અધ્યાપકોનું સન્માન કરવાનો છે જેમણે તેમની પ્રતિબદ્ધતા અને મહેનત દ્વારા માત્ર શિક્ષણની ગુણવત્તામાં સુધારો જ નથી કર્યો, પરંતુ તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે.




અમદાવાદના દાણીલીમડામાં ભીડનું અવિચારી કૃત્ય

# અમદાવાદના દાણીલીમડામાં પ્રેમી-પ્રેમિકાની જાહેરમાં પીટાઇ

## અત્યાર સુધીમાં અકબર પઠાણ, ફૈઝાન શેખ અને હુસૈન સૈયદ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે

। અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદના દાણીલીમડામાં પ્રેમી-પ્રેમિકાની જાહેરમાં પીટાઈનો એક વીડિયો વાયરલ થયો છે જેમાં ધર્મના ઠેકેદારો કહેવાતા લોકોએ બે પ્રેમ કરનાર સાથે જાહેરમાં અશોભનીય વર્તન કર્યુ અને તેમને માર માર્યો. પ્રેમ તો ધર્મ, સંપ્રદાય, જાતિ,નાતજાતના વાડાથી પર છે, એ તો ગમે ત્યાં, ગમે તેની સાથે થાય તો પછી પ્રેમ કરનારને જાહેરમાં આવી સજા આપવી તાલિબાની હરકત જ કહેવાય પણ આ તો લોકો, બુદ્ધિ તો પાનીએ જ હોય. આવી એક ઘટના ૨૬ ઓગસ્ટે અમદાવાદના દાણીલીમડામાં બની છે જેનો હવે વીડિયો વાયરલ થયો છે.

વાયરલ થઈ રહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે ભીડ બુરખા પહેરેલી યુવતીનો ઢાંકેલો ચહેરો વારંવાર ખોલી રહી છે. યુવતીએ ચહેરો ઢાંકવાનો પ્રયત્ન કર્યો તો એક વ્યક્તિએ કહ્યું કે, તેના બાપને ફોન લગાડો. બીજાએ હિંદુ છોકરાને થપ્પડ મારવાનું શરૂ કર્યું હતું. બીજા ઘણા લોકો પણ યુવકને થપ્પડ મારતા અને ગાળો આપતા જોવા મળે છે. ટોળાએ યુવકને ધમકી આપતા કહ્યું હતું કે, મુસ્લિમ યુવતી સાથે ફરવા જવાની તારી હિંમત કેવી રીતે થઈ. આ ઘટના બાદ અમદાવાદ પોલીસે આરોપીઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધીમાં અકબર પઠાણ, ફૈઝાન શેખ અને હુસૈન સૈયદ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. સોશિયલ મીડિયામાં યુવતી-યવીતીની મારઝૂડનો વીડિયો વાયરલ થતા લોકો ભડક્યાં હતા.

# ખોટી લિંકના આધારે ઇ-ચલણ ભરવાનું બાકી હોવાનો મેસેજ આવે તો ચેતજો

। અમદાવાદ, તા.૩૧ ।

સાયબર ક્રાઈમના વધતા બનાવો વચ્ચે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકોને વધુ સાવચેત રહેવા માટે વારંવાર જણાવવામાં આવે છે. ત્યારે છેતરપિંડી આચરનાર શખ્સો દ્વારા નાગરિકોને ઈ-ચલણના ખોટા મેસેજ મોકલીને રૂપિયા પડાવવાનો કારસો રચવામાં આવતો હોવાની જાણ ગુજરાત પોલીસને થઈ છે. જેના સંદર્ભમાં જનજાગૃતિ હેતુ પોલીસ વિભાગે લોકોને સાચી માહિતીથી અવગત કર્યા છે. અજાણ્યા નંબર પરથી નાગરિકોને તેમના વાહનના ઈ-ચલણ ભરવાનું બાકી છે તેવું મેસેજમાં જણાવી એક લિંક મોકલવામાં આવે છે. જેમાં "https://echallanparivahan.in/" લિંક પર ક્લિક કરવા માટે જણાવવામાં આવે છે. આ લિંક પર ક્લિક કરવાથી અજાણ્યો વ્યક્તિ બેક એકાઉન્ટ હેક કરી શકે છે. ઈ-ચલણ ભરવા માટેની સાચી લિંક "https://echallan.parivahan.gov.in/" છે. માટે નાગરિકોએ ઓનલાઈન સેવાનો ઉપયોગ કરતી વેળાએ ભળતી લિંક અને નામથી સાવચેત રહેવુ જરૂરી છે.

# જગદગુરુ શંકરાચાર્યજી મહારાજની ૬૫મી જન્મજયંતિની ધામધૂમથી ઉજવણી

। અમદાવાદ,તા.૩૧ ।

અનંત શ્રી વિભુષિત પશ્ચિમાનામનાય દ્વારકા શારદાપીઠાધિશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ શ્રીના ચાલી રહેલા ચાતુર્માસસ્ય વ્રતાનુંષ્ઠાન દરમિયાન શ્રી શારદાપીઠ દ્વારકામાં પૂજ્યપાદ જગદગુરુ શંકરાચાર્યજી મહારાજની ૬૫મી જન્મજયંતિની ઉજવણી કરાશે. ભારે હર્ષોલ્લાસ સાથે વિવિધ આયોજનોમાં સવારમાં ૬ કલાકે વિદ્રાન બ્રાહ્મણો દ્વારા ચાર વેદોનો ઉદઘોષ કરવામાં આવશે. સવારે ૮ વાગ્યાથી પૂજ્ય મહારાજ દ્વારા ભગવાન દ્વારકાધીશજી અને મહારાજ શ્રી આદ્ય શંકરાચાર્યજી સહિતના દેવોની પૂજા કરવામાં આવશે. સવારે ૮:૩૦ વાગ્યે પૂજ્ય મહારાજ દ્વારા ભગવાન ચંદ્રમૌલીશ્વરની વિશેષ પૂજા થશે. સવારે ૧૦ વાગ્યાથી પૂજ્ય મહારાજના દર્શન અને પૂજનનો અવસર પ્રાપ્ત થશે. સવારે ૧૧ વાગ્યે પૂજ્ય મહારાજના પાવન સાંનિધ્યમાં શ્રી શારદાપીઠ ગુરૂગાદી પર ભગવાન દ્વારકાધીશજીની ધ્વજાનું અને પાદિકા પૂજન થશે. સાંજે ૪ વાગે સનાતન સેવા મંડળના વિશાળ પંડાળમાં પૂજ્યપાદ જગદગુરૂ શંકરાચાર્યજી મહારાજનું સ્વાગત વંદન અને અભિનંદન સમારાહો થશે. જેમાં તમામ ભક્તો અને શિષ્યો પૂજ્ય મહારાજના મુખથી શુભાશિષ અને આશીર્વાદ પ્રાપ્ત કરશે. આ વિશેષ સમારોહમાં હાજર રહેલા દેશ અને વિદેશના મહાનુંભાવોનોનું સ્વાગત થશે. આ સાથે સાધુ સંતો અને મહાનુભાવો, રાજકીય અગ્રણીઓ દ્વારા દ્વારકા નગરના તમામ સમાજ અને સામાજિક સંસ્થાના પ્રતિનિધી દ્વારા સ્વાગત સત્કાર અને પૂજ્ય મહારાજનું અભિનંદન સત્કાર થશે. પૂજ્ય મહારાજના આશીર્વચન અને સમારોહમાં હાજર તમામ મહાનુંભવો માટે ભોજન પ્રસાદનું આયોજન બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ, સાંસદ રાજ્યસભા ગુજરાત અને જન્મોત્સવના અન્ય વ્યવસ્થાના યજમાન પબુભા વિરમભા માણેક - ધારસભ્ય ઓખામંડળ દ્વારા કરવામાં આવ્યું છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર



ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨